રાજકોર મિરર

DAILY MORNING NEWS PAPER


પાંચમું નોરતું : માઁ સ્કંદમાતા

Year : 16 | Issue : 244 | Dt. 15-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આત્મનિર્ભર ભારતનો શાંઘાઈમાં ડંકો

ઓલ ઈન પ્રિન્ટ ચાઈનામાં 'મેક ઈન ઈન્ડિયા'ની નવી ઉડાન : ભારતીય પ્રિન્ટિંગ ઉત્પાદનોની મજબૂત ઓળખ



નવી દિલ્હી, તા.૧૪

આત્મનિર્ભર ભારત, ભારતીય ઇનોવેશન અને ગ્લોબલ મહત્વાકાંક્ષાના મજબૂત સંકલ્પ સાથે શાંઘાઈમાં ભારતીય ઉત્પાદન ક્ષમતાનું ભવ્ય પ્રદર્શન યોજાયું. 10th All in Print China 2026 આંતરરાષ્ટ્રીય પ્રદર્શન દરમિયાન આયોજિત 'ઇન્ડિયા ડે' કાર્યક્રમમાં ભારતની પ્રિન્ટિંગ ઇન્ડસ્ટ્રીએ પોતાની અદભુત ક્ષમતા સાબિત કરી છે. સમગ્ર ભારતમાંથી પધારેલા ઉદ્યોગ અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમથી વૈશ્વિક બજારમાં ભારતીય પ્રિન્ટિંગ ઉત્પાદનોની મજબૂત ઓળખ સ્થાપિત થઈ છે.

શાંઘાઈ સ્થિત ભારતીય કોન્સલ જનરલ પ્રતીક માથુરે મુખ્ય અતિથિ પદે હાજરી આપીને કાર્યક્રમનું ગૌરવ વધાર્યું હતું. તેમણે આ ઐતિહાસિક અને વિશિષ્ટ પહેલનું વિધિવત ઉદ્દઘાટન કર્યું હતું. પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું કે ભારત અને ચીન વચ્ચે વેપાર સંબંધો વધારવા માટે આ એક સોનેરી તક છે. આવા આયોજનો બે દેશો વચ્ચે ઇરઇ સંબંધો વધુ મજબૂત બનાવવામાં મદદ કરે છે. તેમણે ભારતીય ઉત્પાદનોની નિકાસ વધારવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

કોન્સલ જનરલે ભારતીય મેન્યુફેક્ચરિંગ સેક્ટરની પ્રગતિની ભરપૂર પ્રશંસા કરી હતી. તેમણે અદ્યતન ઉત્પાદન પદ્ધતિઓ, ડિજિટલ પ્રિન્ટિંગ અને નવીન પેકેજિંગ સોલ્યુશન્સમાં ઉપલબ્ધ વિશાળ તકો વિશે વિગતવાર માહિતી આપી હતી. ભારતીય કંપનીઓ હવે વૈશ્વિક ધોરણો અનુસાર ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરી રહી છે. ભારતીય પ્રિન્ટિંગ ઉદ્યોગ ઘરેલુ ક્ષમતાઓને મજબૂત કરવાની સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનો વિસ્તાર ખૂબ જ ઝડપથી વધારી રહ્યો છે.

વૈશ્વિક આમંત્રણ

શાંઘાઈના આ મંચ પર ભારતની પ્રિન્ટિંગ ક્ષમતા દર્શાવવાની સાથે એક મોટું એલાન પણ કરવામાં આવ્યું હતું. કોન્સલ જનરલ પ્રતીક માથુરે આગામી PRINTPACK INDIA 2027 માટે વૈશ્વિક સહયોગ અને રોકાણકારોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ આગામી ઈવેન્ટ દ્વારા મેઈક ઈન ઈન્ડિયા અભિયાનને એક નવી અને અભૂતપૂર્વ ઊંચાઈ મળશે. ભારતીય ઉદ્યોગસાહસિકો હવે વિશ્વ સ્તરે ભાગીદારી સ્થાપીને નિકાસ વધારવા સંપૂર્ણ સજ્જ બન્યા છે. ભારતની આ વૈશ્વિક પહેલથી દેશના આર્થિક વિકાસને ચોક્કસપણે નવું બળ મળશે.

કેનેડાની કંપની ફેરફેક્સ ખરીદશે ૬૦.૭૨% હિસ્સેદારી

IDBI બેંક વેચાશે કેબિનેટની લીલી ઝંડી



નવી દિલ્હી, તા.૧૪

લાંબા સમયથી ચાલી રહેલી આઈડીબીઆઈ બેંકના વેચાણની પ્રક્રિયાને લઈને હવે કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી દીધી છે. આઈડીબીઆઈ બેંકમાં સરકાર અને ભારતીય જીવન વીમા નિગમ એટલે કે એલઆઈસી પોતાની હિસ્સેદારી વેચી રહ્યા છે, જેને કેનેડાની કંપની ખરીદશે. કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે આઈડીબીઆઈ બેંકમાં ૬૦.૭૨% હિસ્સેદારી કેનેડિયન ફાઇનાન્શિયલ સર્વિસિસ કંપની 'ફેરફેક્સ ફાઇનાન્શિયલ હોલ્ડિંગ્સ'ની સબસિડિયરી કંપનીને વેચવા માટે મંજૂરી આપી દીધી છે. આ હિસ્સેદારી રૂ. ૫૨,૮૭૮.૦૮ કરોડમાં વેચવા માટે મંજૂરી મળી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ ડીલ પૂર્ણ થયા બાદ તે ભારતના નાણાકીય ક્ષેત્રમાં અત્યાર સુધીનું સૌથી મોટું સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ) બની જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (સીસીઈએ) એ આઈડીબીઆઈ બેંકના વ્યૂહાત્મક ખરીદદાર તરીકે ફેરફેક્સને મંજૂરી આપી છે. આ સોદામાં આઈડીબીઆઈ બેંકમાં સરકારની ૩૦.૪૮% હિસ્સેદારી અને એલઆઈસીની ૩૦.૨૪% હિસ્સેદારીનું વેચાણ સામેલ છે. આ હિસ્સેદારીના વેચાણ પછી પણ સરકાર બેંકમાં ૧૫% હિસ્સેદારી જાળવી રાખશે, જ્યારે એલઆઈસી પાસે ૧૯% હિસ્સેદારી રહેશે. એટલે કે બંનેની સંયુક્ત હિસ્સેદારી ૩૪% રહેશે. આઈડીબીઆઈ બેંકના વેચાણની પ્રક્રિયાની જાહેરાત સૌપ્રથમ વર્ષ ૨૦૨૨ માં કરવામાં આવી હતી, પરંતુ નિયમનકારી અને પ્રક્રિયાગત અડચણોના કારણે તેમાં વિલંબ થયો હતો. માર્ચ મહિનામાં તેને રોકી દેવામાં આવી હતી, પરંતુ હવે તમામ મંજૂરીઓ મળ્યા બાદ કેબિનેટે આ મેગા ડીલ પર પોતાની આખરી મહોર લગાવી દીધી છે.

કેબિનેટની મંજૂરીના સમાચાર બહાર આવતાની સાથે જ શેરબજારમાં આઈડીબીઆઈ બેંક લિમિટેડના શેરમાં ૧૩% નો મોટો ઉછાળો જોવા મળ્યો હતો. શેર ઇન્ટ્રા-ડે દરમિયાન રૂ. ૯૩.૬૨ ની સપાટીએ પહોંચ્યા બાદ અંતે ૮.૩૩% ના વધારા સાથે રૂ. ૮૯.૮૫ પર બંધ થયો હતો

PFમાંથી ગમે ત્યારે પૈસા નહિ ઉપડે

નવો નિયમ અને નવી લિમિટ લાગુ! ઈપીએફઓનો મોટો નિર્ણય



નવી દિલ્હી તા. ૧૪

EPFOએ પીએફ ખાતામાંથી એડવાન્સ ઉપાડના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે દરેક કેટેગરી માટે ઉપાડની ચોક્કસ લિમિટ નક્કી કરાઈ છે. સભ્યો શિક્ષણ માટે ૧૦ વાર, લગ્ન માટે ૫ વાર અને ઘર સંબંધિત કાર્યો માટે પણ ૫ વાર ઉપાડ કરી શકશે. મેડિકલ ખર્ચ માટે કોઈ સીમા નથી. EPFOએ આ નિયમો સભ્યોને નાણાકીય મુશ્કેલીમાંથી બચાવવા માટે બનાવ્યા છે.

જો તમે પણ પીએફ ખાતામાંથી વારંવાર નાણાં ઉપાડો છો તો સાવધાન થઈ જજો, કારણ કે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે ઊડ્ઝ્ઝ્ઘએ એડવાન્સ ઉપાડના નિયમોમાં ફેરફાર કર્યો છે. હવે દરેક કેટેગરી માટે પીએફમાંથી ઉપાડની ચોક્કસ લિમિટ નક્કી કરી દેવામાં આવી છે.

EPFOના સુધારેલા નિયમો હેઠળ આવશ્યક જરૂરિયાતો, આવાસ સંબંધિત ખર્ચાઓ અને સ્પેશિયલ કન્ડિશન માટે વિડ્રોઅલની મર્યાદા નક્કી કરાઈ છે. આ ગાઇડલાઇનનો મુખ્ય ઉદ્દેશ્ય એ સ્પષ્ટ કરવાનો છે કે, સભ્યો અલગ-અલગ હેતુઓ માટે પોતાની પીએફ બચતનો ઉપયોગ કેટલી વાર કરી શકે છે. EPFOએ વિડ્રોઅલને ત્રણ મુખ્ય કેટેગરીમાં વહેંચ્યું છે, આવશ્યક જરૂરિયાતો, આવાસ સંબંધિત જરૂરિયાતો અને સ્પેશિયલ કન્ડિશન. શિક્ષણ સંબંધિત ખર્ચાઓ માટે સભ્ય પોતાની ઈપીએફ સભ્યપદની અવધિ દરમિયાન વધુમાં વધુ ૧૦ વાર ઉપાડ કરી શકે છે. આ જોગવાઈ સભ્ય અને તેમના પરિવારના શિક્ષણ ખર્ચને આવરી લે છે.

મેદીકાલ અને મેરેજ માટેની કેટેગરી ૧ હેઠળ આવશ્યક જરૂરિયાતોનો સમાવેશ થાય છે. આ હેઠળ પીએફ સભ્ય પોતાના અને પોતાના પરિવારના મેડિકલ ખર્ચ તથા બીમારી માટે કોઈ પણ નક્કી કરેલી સીમા વિના નાણાં ઉપાડી શકે છે. લગ્ન સંબંધિત ખર્ચાઓ માટે સભ્ય પોતાની સભ્યપદ અવધિ દરમિયાન વધુમાં વધુ ૫ વાર પીએફ માંથી એડવાન્સ રકમ ઉપાડી શકે છે.

ઘર કે ફ્લેટની ખરીદી, ઘરનું નિર્માણ, હોમ લોન રિપેમેન્ટ અને ઘરના રિનોવેશન માટે સભ્યો પોતાની ઈપીએફ સભ્યપદ દરમિયાન વધુમાં વધુ ૫ વાર ઉપાડ કરી શકે છે. જ્યારે કેટેગરી ૩, જેમાં સ્પેશિયલ કન્ડિશન હેઠળ વર્ષમાં વધુમાં વધુ ૨ વાર પીએફ માંથી નાણાં ઉપાડી શકાશે. આ ઉપરાંત, EPFOએ જણાવ્યું છે કે, સભ્યપદના ૧૨ મહિના પૂરા થયા બાદ કર્મચારી પોતાના પીએફ બેલેન્સમાંથી વ્યાજ સાથે ૭૫ ટકા રકમ ઉપાડી શકે છે, જેથી કર્મચારીઓને નાણાકીય મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

દિવ્યાંગ પેન્શનમાં મોટી રાહત : કેન્દ્ર સરકારની બેવડી ભેટ

રેલવે કર્મીને ૭૮ દિવસનું બોનસ



નવી દિલ્હી, તા.૧૪

દિવાળીના તહેવારોની સિઝન નજીક આવતા જ કેન્દ્ર સરકારે દેશના લાખો નાગરિકો અને કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આપ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં બે મોટા અને ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં રેલવેના કર્મચારીઓને દિવાળી બોનસ આપવાની સાથે સાથે દિવ્યાંગ પેન્શન યોજનાના નિયમોમાં માનવીય અભિગમ અપનાવીને મોટી રાહત આપવામાં આવી છે.

રેલવે કર્મચારીઓને બમ્પર દિવાળી ભેટ કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, ભારતીય રેલવેના નોન-ગેઝેટેડ કર્મચારીઓ માટે ૭૮ દિવસનું પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ (PLB) મંજૂર કરવામાં આવ્યું છે. તહેવારોના સમયે જ્યારે સામાન્ય નાગરિકો રજાઓ ગાળતા હોય છે, ત્યારે સતત ફરજ બજાવતા રેલવે કર્મચારીઓને તેમની અથાક મહેનતના પ્રોત્સાહન રૂપે આ બોનસ આપવામાં આવે છે. આ નિર્ણયથી દેશના આશરે ૧૧.૪૦ લાખ કર્મચારીઓને સીધો લાભ મળશે અને પ્રત્યેક પાત્ર કર્મચારીના બેંક ખાતામાં ₹૧૭,૯૫૧ જમા થશે. આ બોનસ ચૂકવણી પાછળ કેન્દ્ર સરકારની તિજોરી પર કુલ ₹૨,૦૦૯ કરોડનો આર્થિક બોજો પડશે.

બોનસની ગણતરી અને કર્મચારી યુનિયનોની માંગણીઓ સરકાર દ્વારા હાલમાં જે બોનસની જાહેરાત કરવામાં આવી છે તેની ગણતરી ₹૭,૦૦૦ ના લઘુતમ પગારના માપદંડના આધારે કરવામાં આવી છે. નોંધનીય છે કે, બોનસ નક્કી કરવા માટેની આ ₹૭,૦૦૦ ની મર્યાદા છેલ્લા ૧૧ વર્ષથી (વર્ષ ૨૦૧૪-૧૫ થી) યથાવત છે. જોકે, વિવિધ રેલવે કર્મચારી સંગઠનો દ્વારા આ મર્યાદા વધારીને ₹૧૮,૦૦૦ કરવાની સતત અને ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે. જો સરકાર ભવિષ્યમાં આ માંગ સ્વીકારે તો બોનસની રકમમાં તોતિંગ વધારો થઈ શકે છે અને કર્મચારીઓને ₹૪૬,૧૮૪ સુધીનું બોનસ મળી શકે તેમ છે.

દિવ્યાંગ પેન્શનમાં ઐતિહાસિક અને સંવેદનશીલ સુધારો રેલવે કર્મચારીઓ ઉપરાંત, સરકારે દિવ્યાંગજનો માટે પણ મોટો અને સંવેદનશીલ નિર્ણય લીધો છે. સરકારે પેન્શન યોજનામાં ખૂબ જ માનવીય અભિગમ અપનાવ્યો છે. અગાઉ દિવ્યાંગ પેન્શનનો લાભ મેળવવા માટે વ્યક્તિમાં ૮૦% દિવ્યાંગતા હોવી ફરજિયાત હતી, જે નિયમને હળવો કરીને આ શરત ઘટાડીને માત્ર ૪૦% કરી દેવામાં આવી છે. આ સુધારાને કારણે લાખો નવા દિવ્યાંગજનો પેન્શનના દાયરામાં આવી જશે. વધુમાં, આ આર્થિક સહાય હવે જન્મથી જ ઉપલબ્ધ બનશે. સુધારેલા નિયમો અનુસાર, ૦ થી ૭૯ વર્ષની વય ધરાવતા લાભાર્થીઓને માસિક ₹૩૭૫ અને ૮૦ વર્ષ કે તેથી વધુ વયના વૃદ્ધ લાભાર્થીઓને દર મહિને ₹૬૨૫ ની આર્થિક સહાય સીધી તેમના ખાતામાં આપવામાં આવશે.

સામાજિક સહાય યોજનાનું વિસ્તરણ અને નવું નામ આ ઉપરાંત કેબિનેટે ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે ચાલતા 'રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ'ને નવું સ્વરૂપ આપ્યું છે. હવેથી આ યોજના 'પ્રધાનમંત્રી સામાજિક સહાય યોજના' તરીકે ઓળખાશે. સરકારે આ યોજનાને વર્ષ ૨૦૩૦-૩૧ સુધી એટલે કે આગામી ૫ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી દીધી છે. આ મહત્વાકાંક્ષી કાર્યક્રમ માટે સરકારે ₹૫૩,૪૨૮ કરોડનું માતબર બજેટ પણ ફાળવ્યું છે. આ યોજનાના વિસ્તરણથી દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લગભગ ૩.૨૦ કરોડ ગરીબ, વૃદ્ધ, વિધવા અને દિવ્યાંગ નાગરિકોને સામાજિક અને આર્થિક સુરક્ષાનો સીધો લાભ મળતો રહેશે.

માલવાહક જહાજ ૨૫૦૦ કન્ટેનર સાથે ગરક

ભીષણ વિસ્ફોટ : મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ માઈન સાથે ટકરાતા બન્યો બનાવ

નવી દિલ્હી, તા.૧૪

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ (હોર્મુઝની સમુદ્રધૂની) માંથી એક અત્યંત ચોંકાવનારા અને મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં ૨,૫૦૦ જેટલા કન્ટેનર ભરીને જઈ રહેલું એક મહાકાય માલવાહક જહાજ દરિયામાં બિછાવવામાં આવેલી બારૂદી સુરંગ (દરિયાઈ માઈન) સાથે ટકરાયા બાદ ડૂબી ગયું છે. ઈરાનની ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ એટલે કે આઈઆરજીસી (IRGC) ની નૌકાદળે બુધવારે સવારે આ મહાવિનાશક ઘટનાની સત્તાવાર માહિતી આપી હતી.

માઈન સાથે ટકરાતા જહાજમાં ભીષણ આગ અને જળસમાધિ ઈરાની સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, બુધવારે વહેલી સવારે આશરે ૬:૩૦ વાગ્યાની આસપાસ આ માલવાહક જહાજ સમુદ્રમાં છુપાયેલી એક માઈન સાથે ધડાકાભેર ટકરાયું હતું. આ ટક્કર એટલી ભયાનક હતી કે વિસ્ફોટના કારણે જહાજના તળિયાના ભાગમાં એક મોટું ગાબડું (છિદ્ર) પડી ગયું હતું. વિસ્ફોટ બાદ તુરંત જ જહાજમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને અંદર ઝડપથી દરિયાનું પાણી ભરાવા લાગ્યું હતું. પરિણામે, ગણતરીની મિનિટોમાં જ આખેઆખું જહાજ સમુદ્રમાં ગરકાવ થઈ ગયું હતું. જહાજ પર લદાયેલા તમામ ૨,૫૦૦ કન્ટેનર સમુદ્રના પ્રચંડ મોજાઓમાં વેરવિખેર થઈ ગયા હતા. વર્તમાન યુદ્ધ અને સંઘર્ષના માહોલ વચ્ચે ઈરાને પ્રથમ વખત સત્તાવાર રીતે કોઈ જહાજ દરિયાઈ માઈન સાથે ટકરાઈને ડૂબી ગયું હોવાની પુષ્ટિ કરી છે.



ઈરાનના સરકારી ટેલિવિઝને રિવોલ્યુશનરી ગાર્ડ્સના નિવેદનને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, આ જહાજ મધ્ય પૂર્વના દેશોમાંથી માલસામાન લઈને એશિયા તરફ જઈ રહ્યું હતું. સોશિયલ મીડિયા પર આ ઘટનાના કેટલાક હૃદયદ્રાવક વીડિયો પણ વાઇરલ થઈ રહ્યા છે, જેમાં જહાજમાંથી કાળા ધુમાડાના મોટા ગોટા નીકળતા અને જહાજ ધીમે ધીમે દરિયામાં ડૂબતું સ્પષ્ટ જોઈ શકાય છે. જોકે, આ ગોઝારી ઘટના અંગે હજુ પણ અનેક રહસ્યો અકબંધ છે. ડૂબી ગયેલું જહાજ કયા દેશના ધ્વજ હેઠળ નોંધાયેલું હતું, તેમાં કેટલા ક્રૂ મેમ્બર્સ સવાર હતા અને તેમની હાલની સ્થિતિ શું છે (તેમને બચાવી લેવાયા છે કે કેમ), તે અંગે કોઈ જ સત્તાવાર નિવેદન કે આંકડાઓ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી.

આ ઘટના અંગે ઈરાને સ્પષ્ટતા કરતા દાવો કર્યો છે કે, ડૂબી ગયેલું આ માલવાહક જહાજ નિર્ધારિત સલામત માર્ગને બદલે અનધિકૃત અને જોખમી દરિયાઈ માર્ગ પરથી પસાર થઈ રહ્યું હતું. ઈરાન અગાઉ પણ અનેક વખત ખુલ્લી ચેતવણી આપી ચૂક્યું છે કે, તેની પૂર્વ મંજૂરી વિના આ સંવેદનશીલ જળમાર્ગમાંથી પસાર થવાનો પ્રયાસ કરનારા જહાજો માટે ગંભીર સુરક્ષા જોખમ ઊભું થઈ શકે છે.

વૈશ્વિક વેપાર અને ઉર્જા પુરવઠા પર મોટું સંકટ

સ્ટ્રેટ ઑફ હોર્મુઝ (હોર્મુઝની સમુદ્રધૂની) એ માત્ર એક દરિયાઈ રસ્તો નથી, પરંતુ તે વૈશ્વિક વેપાર અને વિશેષ કરીને ઉર્જા પુરવઠાની દ્રષ્ટિએ વિશ્વનો સૌથી મહત્વપૂર્ણ ''ચોકપોઇન્ટ'' છે. ફારસની ખાડીને અરબ સાગર અને હિંદ મહાસાગર સાથે જોડતો આ અત્યંત સાંકડો માર્ગ આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઇલ અને નેચરલ ગેસની સપ્લાય માટે જીવાદોરી સમાન છે. વિશ્વનું આશરે ૨૦ ટકાથી વધુ ક્રૂડ ઓઇલ આ જ માર્ગેથી પસાર થાય છે. અહીં સૈન્ય તણાવ વધવાથી અને માલવાહક જહાજો ડૂબવાની આવી ઘટનાઓને પગલે વૈશ્વિક સપ્લાય ચેઇન ખોરવાઈ શકે છે. શિપિંગ કંપનીઓના ઇન્શ્યોરન્સ પ્રીમિયમમાં તોતિંગ વધારાની સાથે આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં પણ મોટો ઉછાળો જોવા મળી શકે છે.

વર્ષો જૂના અટકેલા પ્રશ્નો અંગે રજૂઆત સામે મેયર ડો. નેહલ શુક્લનો હકારાત્મક અભિગમ

બિલ્ડરો-મનપા તંત્ર વચ્ચે હાઈ-વોલ્ટેજ બેઠક

અટકેલી ૧૫ ટી.પી. સ્કીમોને સત્વરે મંજૂરી આપવા, પેઇડ FSI પર વ્યાજમુક્તિ અને હપ્તાની સુવિધા આપવા તથા પાર્કિંગ યુટિલિટી રદ કરવા માંગ કરાઈ

રાજકોટ, તા. ૧૪

રાજકોટ શહેરના બાંધકામ ક્ષેત્ર અને સમગ્ર આર્થિક વિકાસને સીધી અસર કરતા વર્ષો જૂના અને અટકેલા પ્રશ્નોનો આખરે ઉકેલ આવે તેવી શક્યતાઓ પ્રબળ બની છે. આજે રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી મીટિંગ હોલ ખાતે ક્રેડાઈ રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન અને મનપાના ઉચ્ચ પદાધિકારીઓ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ અને લાંબી બેઠક યોજાઈ હતી. જેમાં બિલ્ડરો દ્વારા રજૂ કરવામાં આવેલા તમામ નીતિવિષયક અને વ્યવહારુ પ્રશ્નો અંગે મેયર ડો. નેહલ શુક્લ સહિતના હોદ્દેદારોએ સકારાત્મક વલણ દાખવતા આગામી દિવસોમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને મોટી રાહત મળે તેવા સંકેતો સાંપડ્યા છે.

આજે યોજાયેલી આ હાઈ-લેવલ મીટિંગમાં મેયર ડો. નેહલ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા સહિતના પદાધિકારીઓ, મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, ભાજપ પ્રમુખ માધવ દવે તેમજ મનપાના સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન બિલ્ડર્સ એસોસિએશનના હોદ્દેદારો દ્વારા શહેરમાં બાંધકામ ક્ષેત્રને નડતી વિવિધ મુશ્કેલીઓ, જેવી કે ટી.પી. સ્કીમમાં થતો વિલંબ, હાઇટ રિસ્ટ્રિક્શનના કડક નિયમો, લેબર કોલોનીના ચાર્જિસ, પેઇડ FSI પર લાગતું વ્યાજ અને પાર્કિંગ યુટિલિટી જેવા અનેક જટિલ મુદ્દાઓ પર લેખિતમાં વિગતવાર રજૂઆતો કરવામાં આવી હતી.

એસોસિએશન દ્વારા રજૂ કરાયેલા પ્રથમ અને સૌથી મહત્વના મુદ્દામાં રાજકોટ મહાનગરપાલિકા કક્ષાએ પરામર્શ (Consultation) માટે લાંબા સમયથી અટવાયેલી ૧૫ જેટલી ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમો અંગે ઝડપથી ઠરાવ કરીને પ્રક્રિયા પૂર્ણ કરવાની માગ કરવામાં આવી હતી. મનપા કક્ષાએ જ ૧૫ જેટલી ટી.પી. સ્કીમો પડતર રહેવાને કારણે જમીનમાલિકો અને ડેવલપરોના કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ અને આયોજનો અટવાઈ પડ્યા છે, જેના કારણે વિકાસ રુંધાઈ રહ્યો છે. આથી, મનપા તંત્ર દ્વારા આ ટી.પી. સ્કીમો અંગે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરીને ઝડપી કાર્યવાહી કરવામાં આવે તેવું ભારપૂર્વક સૂચન મુકાયું હતું.

બીજો મહત્વનો પ્રશ્ન બિલ્ડિંગ પ્લાન



મંજૂરીમાં નડતા હાઇટ રિસ્ટ્રિક્શનનો હતો. હાલમાં લાગુ નિયમો મુજબ ૩.૨૫ મીટરથી વધુ ઊંચાઈ હોય ત્યારે વિવિધ મર્યાદાઓ અને નિયંત્રણો લાગુ પડે છે. પરંતુ આધુનિક બાંધકામની બદલાતી ગતિવિધિઓ, આર્કિટેક્ચરલ ડિઝાઇનની જરૂરિયાતો અને સ્પેસ યુટિલાઇઝેશનને ધ્યાનમાં રાખીને આ ઊંચાઈની મર્યાદા વધારીને ૪.૨૫ મીટર કરવા અને નિયમોમાં વ્યવહારુ સુધારો કરવા રજૂઆત કરાઈ હતી.

આ ઉપરાંત, બાંધકામ સાઇટ પર કામ કરતા શ્રમિકોના રહેઠાણ માટે અનામત (રિઝર્વેશન) પ્લોટમાં જે લેબર કોલોની બનાવવામાં આવે છે, તેના પર હાલ મનપા દ્વારા પ્રતિ ચોરસમીટર પ્રતિદિન અંદાજે રૂ. ૬.૫૦ લેખે ચાર્જ વસૂલવામાં આવે છે. દૈનિક ધોરણે લાગતો આ ચાર્જ બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો માટે અત્યંત બોજારૂપ સાબિત થઈ રહ્યો છે. આથી, આ ચાર્જને દૈનિક ધોરણે વસૂલવાને બદલે માસિક અથવા વાર્ષિક ધોરણે ફિક્સ દર નક્કી કરીને વસૂલવામાં આવે તેવી માગણી મૂકવામાં આવી છે.

પેઇડ FSI અંગે પણ બેઠકમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. છેલ્લા બે વર્ષથી રાજકોટ મનપા દ્વારા ૧.૮થી વધારે ગ્રાઉન્ડ FSI માટે ચાર્જ ઉપરાંત વ્યાજ વસૂલવાનું શરૂ કરવામાં આવ્યું છે, જેનો બિલ્ડર આલમે વિરોધ નોંધાવ્યો છે. વર્તમાન મંદી અને પ્રોજેક્ટ કોસ્ટમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને FSIને લગતા ચાર્જિસનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે, વ્યાજ વસૂલાત બંધ કરવામાં આવે તથા બિલ્ડરોને રાહત આપવા માટે પેઇડ FSIની રકમ ચુકવવા માટે વ્યાજ વગરના બે હપ્તા કરી આપવામાં આવે તેવી માગણી રજૂ થઈ હતી.

સૌથી વધુ વિરોધ પાર્કિંગ યુટિલિટી ચાર્જ સામે જોવા મળ્યો હતો. બિલ્ડરોના સ્પષ્ટ જણાવ્યા મુજબ, રાજકોટ મનપા દ્વારા વસૂલવામાં આવતી પાર્કિંગ યુટિલિટી સમગ્ર ગુજરાતની અન્ય કોઈ પણ મહાનગરપાલિકામાં વસૂલવામાં આવતી નથી. રાજકોટમાં જ આ પ્રકારનો વધારાનો આર્થિક બોજ નાખવામાં આવ્યો હોવાથી તેને તાત્કાલિક ધોરણે રદ કરીને શહેરના બિલ્ડરો અને મિલકતધારકોને મોટી રાહત આપવા રજૂઆત કરવામાં આવી હતી.

અંતમાં, બિલ્ડર એસોસિએશને તંત્રનું ધ્યાન દોર્યું હતું કે બાંધકામ ઉદ્યોગ એ શહેરના વિકાસ, રોજગારીની તકો અને સ્થાનિક અર્થતંત્ર સાથે સીધો અને પરોક્ષ રીતે સંકળાયેલો છે. જો નિયમોમાં રહેલી વ્યવહારુ અડચણો દૂર થાય અને મંજૂરીની પ્રક્રિયા સરળ તથા ઝડપી બને, તો રાજકોટના સમગ્ર વિકાસને વધુ વેગ મળી શકે તેમ છે. આ તમામ મુદ્દાઓ સાંભળ્યા બાદ મેયર ડો. નેહલ શુક્લ અને પદાધિકારીઓએ હકારાત્મક વલણ દાખવતા તમામ રજૂઆતો અંગે નીતિવિષયક અનુકૂળ નિર્ણય લેવાની ખાતરી આપી હતી.

રાજકોટના પ્રદ્યુમન પાર્ક પાસે પાપ છુપાવનાર અજાણી માતા સામે ગુનો : કુંવારી કે પરણેલી? તપાસ શરૂ

લાલપરી તળાવના કાંઠેથી નવજાત બાળકીનો મળ્યો મૃતદેહ



રાજકોટ, તા.૧૪

શહેરના બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા પ્રદ્યુમન પાર્ક પાસે, લાલપરી તળાવના કાંઠે કચરાના ઢગલામાંથી આશરે ૬ માસના ગર્ભવાળી એક નવજાત બાળકીનો મૃતદેહ મળી આવતાં ભારે ચકચાર મચી જવા પામી છે. કોઈ અજાણી સ્ત્રીએ પોતાનું પાપ છુપાવવા માટે આ તાજી જન્મેલી બાળકીને ત્યજી દીધી હોવાની આશંકાને પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે રાંદેળા તળાવના કાંઠે પ્રદ્યુમન પાર્ક પાસે, હાઉસિંગ બોર્ડની સામે રહેતા અને ભંગાર વીણવાનું કામ કરતા અમીતભાઈ જીલુભાઈ રાઠોડ (ઉ.વ. ૨૫) દ્વારા બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત મંગળવારે તારીખ ૧૩/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે આશરે ૫:૦૦ વાગ્યાની આસપાસ અમીતભાઈ અને તેમના કાકી મુકિતબેન ભાવેશભાઈ રાઠોડ પ્રદ્યુમન પાર્ક પાસે આવેલ લાલપરી તળાવના કાંઠે છુટાછવાયા કચરામાં ભંગાર વીણી રહ્યા હતા. તે દરમિયાન તેમને ત્યાં કચરામાં એક સફેદ કપડું શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યું હતું. અમીતભાઈએ તે કપડું ઊંચકાવીને જોતાં અંદર એક તાજી જન્મેલી નવજાત બાળકી નગ્ન અને મૃત હાલતમાં જોવા મળી હતી. બાળકીનું શરીર થોડું કાળું પડી ગયેલું હતું.

અમીતભાઈએ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ૧૦૮ની ટીમના ઈ.એમ.ટી. દિવ્યાબેન બારડે તપાસીને બાળકી મૃત્યુ પામી હોવાનું અને તે આશરે ૬ માસના ગર્ભની હોવાનું જણાવ્યું હતું.

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે બાળકીના મૃતદેહનો કબજો મેળવી પીએમ માટે ખસેડ્યો હતો. અમીતભાઈની ફરિયાદના આધારે, કોઈ અજાણી સ્ત્રીએ બાળકીને જન્મ આપી, પોતાનો જન્મ છુપાવવાના ઈરાદે તેને ત્યજી દઈ મૃત હાલતમાં છોડી દીધી હોવાના આરોપસર બી-ડિવિઝન પોલીસે અજાણી મહિલા સામે બી.એન.એસ. એક્ટની કલમ ૯૪ હેઠળ ગુનો નોંધ્યો છે.

પીએસઆઈ એચ.એન. જેઠવાના માર્ગદર્શન હેઠળ નોંધાયેલી આ ફરિયાદની આગળની તપાસ પીએસઆઈ માનસિંહ નુરજી વસાવા કરી રહ્યા છે. આસપાસના સીસીટીવી અને અન્ય માધ્યમો દ્વારા બાળકીને ત્યજી જનાર અજાણી માતાની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બે બનાવમાં બે યુવાને ગૂમાવ્યા જીવ

કે.પી. ઇન્ડસ્ટ્રીઝના બીજા માળેથી ગબડેલા શ્રમિકનું અને કોઠારિયાનો યુવાન આજીડેમમાં ડૂબી ગયો

રાજકોટ, તા.૧૪

રાજકોટ શહેરમાં છેલ્લા ચોવીસ કલાકમાં બે અલગ અલગ અકસ્માતોની ઘટના સામે આવી છે, જેમાં બે વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. સીતારામ લેઝર કટીંગ કારખાના પાસે આવેલા ફોચ્યુર્ન કારખાનામાં એક શ્રમિક ઊંચાઈએથી પટકાતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું, જ્યારે બીજી ઘટનામાં કોઠારીયા વિસ્તારનો એક યુવક આજીડેમમાં ડૂબી જતાં જીવ ગુમાવ્યો હતો. પોલીસે બંને ઘટનાઓની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ બનાવની વિગત મુજબ, કાશીરામભાઈ ડોક્ટર ભાઈ નિશાદ (ઉ.વ. ૨૨, રહે. કે.પી. ઇન્ડસ્ટ્રીઝ શેરી નંબર ૩) નામના યુવાનનું મોત નીપજ્યું છે. આજરોજ સવારે ૭:૩૦ વાગ્યાની આસપાસ તે સીતારામ લેઝર કટીંગ કારખાના પાસે આવેલા ફોચ્યુર્ન



કારખાનામાં હતો. તે દરમિયાન અકસ્માતે તે બીજી માળ જેટલી ઊંચાઈએથી નીચે પટકાયો હતો. આ બનાવમાં યુવકને માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત કાશીરામભાઈને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સર્જરી વોર્ડ નંબર ૦૩ માં તેને દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ બપોરે ૧૨:૦૦ વાગ્યે ફરજ પરના ડોક્ટર રોશન વાલવીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલાની તપાસ પી.એસ.આઈ જે.એમ.જોડેજાએ હાથ ધરી છે.

બીજા બનાવમાં, કૌશિકભાઈ કાનજીભાઈ સોલંકી (ઉ.વ. ૩૫, રહે. ૨૫ વારીયા શીતળાધાર, કોઠારીયા, રાજકોટ) નામના યુવકનું આજીડેમમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું છે. વિગતો મુજબ, તા.૧૩ના રોજ રોજ રાત્રિના ૧૦:૦૦ વાગ્યાની આસપાસ કૌશિકભાઈ આજીડેમમાં કોઈ કારણોસર ડૂબી ગયા હતા. બનાવની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ ૧૪ તારીખે સવારે યુવકનો મૃતદેહ ડેમમાંથી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી ઋતુબેન મકવાણાએ તપાસ કરી તેને મૃત જાહેર કર્યો હતો. આજી ડેમ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે જેની હેડ કોન્સ્ટેબલ એ.એચ.ગોહિલે આગળની તપાસ હાથ ધરી છે.

ખંઢેરીમાં દંપતિના એકના એક યુવાન દિકરાનો ટ્રેન હેઠળ કુદી આપઘાત

વાહન અકસ્માત નડ્યા બાદ તબિયત સારી રહેતી ન હોઇ પગલુ ભર્યાનું તારણ

રાજકોટ તા. ૧૪

આપઘાતની વધુ એક ઘટના બની હતી. જેમાં એક પરિવારે એકનો એક યુવાન દિકરો ગુમાવી દીધો હતો. પડધરીના ખંઢેરી ગામે રહેતાં અભિષેક રાજેશભાઇ ચાવડા નામના બાવીસ વર્ષના યુવાને સવારે ખંઢેરી ફાટક પાસે ટ્રેન હેઠળ પડતું મુકી આપઘાત કરી લેતાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં પડધરી પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર અભિષેક પરિવારનો એકનો એક દિકરો હતો. તેના પિતા રિક્ષાચાલક છે. ચારેક મહિના પહેલા અભિષેકને અકસ્માત નડતાં બે મહિના હોસ્પિટલમાં રહ્યો હતો. આ પછી ઘરે હતો. અકસ્માત નડ્યા બાદ તબિયત સરખી રહેતી ન હોઇ તેનાથી કંટાળી જતાં આ પગલુ ભર્યાનું પ્રાથમિક તારણ છે. મૃતદેહનું પોલીસે રાજકોટ ખાતે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

પરિણીત યુવાન-મહિલા લાપતા

પરિજનોને સાથે રાખીપોલીસ દ્વારા શોધખોળ શરૂ

રાજકોટ, તા.૧૪

રાજકોટના મોચી બજાર વિસ્તારમાંથી એક ૪૧ વર્ષીય પરિણીત યુવાન અચાનક લાપતા થઈ જતા એ ડિવિઝન પોલીસ મથકે ગુમસુધા નોંધ કરવામાં આવી છે. પરાબજારની કૃષ્ણપરા શેરીમાં રહેતા નસીમબેન કાદરભાઈ તરકબાણ દ્વારા નોંધાવવામાં આવેલી વિગતો મુજબ, તેમના પતિ કાદરભાઈ રજાકભાઈ તરકબાણ ગત તારીખ ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૧૧ વાગ્યાની આસપાસ મોચી બજારમાં આવેલા મોમાઈ ચાના સ્ટોલ પાસેથી કોઈને કહ્યા વગર એકલા ચાલ્યા ગયા હતા. કાદરભાઈએ ગુમ થયા સમયે કાળા રંગનું પેન્ટ અને સફેદ શર્ટ પહેરેલ હતો, આ મામલાની તપાસ એ.એસ.આઈ. ભરતસિંહ વી. ગોહિલ ચલાવી રહ્યા છે.

ગુમ થવાના અન્ય એક બનાવમાં પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનની હદમાં આવતા રાજકોટ લોકમેળામાંથી એક ૩૦ વર્ષીય શ્રમિક મહિલા લાપતા બની છે. કાલાવાડ રોડ પર વડવાવડી ખાતે રહેતા ૬૩ વર્ષીય હીમસંગભાઈ ઉમદાભાઈ ફડીયાએ પોલીસમાં જાણ કરી છે કે તેમની દીકરી સુરેખાબેન વિજુભાઈ ડાભી લોકમેળામાંથી અચાનક ગુમ થઈ ગઈ છે. સુરેખાબેન મૂળ દાહોદના લીલવા ગરબાડીની સિંધી કોલોનીના રહેવાસી છે અને મજૂરી કામ કરે છે. ગુમ થનાર મહિલા પરિણીત છે, સફેદ કલરની સાડી પહેરેલી છે. આ બનાવ અંગે સદર ચોકીના એ.એસ.આઈ. એ. જી. પરમાર દ્વારા આગળની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

રાજકોટના કુવાડવા રોડ આવેલી શહીદ ઉધમસિંહ ટાઉનશિપમાં માસૂમ સ્નેહલની મર્ડર મિસ્ટ્રી

ભેદ ઉકેલવા પોલીસતંત્ર ઊંધા માથે

સીસીટીવી બંધ હોવાથી તપાસમાં મોટો પડકાર





રાજકોટ તા. ૧૪

રાજકોટના કુવાડવા રોડ પર આવેલી શહીદ ઉધમસિંગ ટાઉનશિપમાં બે વર્ષની માસૂમ બાળકી સ્નેહલને પાંચમા માળેથી નીચે ફેંકી દઈને નિર્મમ હત્યા કરવામાં આવી છે. આ ચકચારી ઘટનાથી પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. બાળકીની લાશ બિલ્ડિંગની લાઈનથી આશરે ૧૨ થી ૧૫ ફૂટ દૂર પડી હતી, જે સ્પષ્ટ કરે છે કે બાળકી રમત-રમતમાં પડી નથી ગઈ, પરંતુ કોઈએ પૂરી તાકાતથી તેને નીચે ફેંકી છે.

આ કેસની તપાસમાં બી-ડિવિઝન પોલીસ, સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ અને ઉચ્ચ અધિકારીઓ જોડાયા છે, પરંતુ સૌથી મોટો ફટકો ટાઉનશિપના સીસીટીવીને કારણે પડ્યો છે. એપાર્ટમેન્ટમાં કેમેરા તો છે પરંતુ તેનું રેકોર્ડિંગ લાંબા સમયથી બંધ હોવાથી પોલીસને ઘટના સમયના કોઈ ડિજિટલ પુરાવા કે ફૂટેજ મળ્યા નથી. કલાકો વીતવા છતાં હત્યારાની કોઈ કડી ન મળતા પોલીસની મૂંઝવણ વધી છે.

હ્યુમન ઈન્ટેલિજન્સ પર મદાર

ટેકનિકલ પુરાવાઓના અભાવે પોલીસે હવે પરંપરાગત 'હ્યુમન ઈન્ટેલિજન્સ' નો સહારો લીધો છે. ટાઉનશિપના જે વિંગમાં આ ઘટના બની ત્યાંના રહીશો, પાડોશીઓ અને મૃતક બાળકીના પરિવારજનોના સઘન નિવેદનો લેવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. કોઈપણ શંકાસ્પદ હલચલ કે અજાણ્યા શખ્સની હાજરી અંગે જાણવા પોલીસની અલગ-અલગ ટીમો પૂછપરછ કરી રહી છે.

સંભવિત એન્ગલો પરથી અજાણ્યો શખ્સ પોલીસના રડારમાં

હાલ પોલીસ તમામ સંભવિત એન્ગલો પર ઝીણવટભરી તપાસ કરી રહી છે, જેમાં બે બાબતો મુખ્ય કેન્દ્રમાં છેઃ ૧. પારિવારિક વિવાદઃ બાળકીની માતા પુનમબેન અને પિતા સંજયભાઈ વશરામભાઈ સાકરિયા વચ્ચે છેલ્લા દોઢ વર્ષથી અણબનાવ અને કોર્ટના વિવાદો ચાલી રહ્યા છે. પિતા સંજયભાઈ દીકરીનો કબજો મેળવવા અવારનવાર માથાકૂટ કરતા હોવાથી પોલીસની શંકાની સોય તેમના તરફ તાકવામાં આવી છે. ૨. અજાણ્યો શખ્સઃ સોસાયટીના રહીશોના જણાવ્યા મુજબ, છેલ્લા ત્રણ દિવસથી બિલ્ડિંગમાં કોઈ અજાણ્યો શખ્સ આંટાફેરા મારતો હતો અને કપડાં ચોરી જતો હતો. પોલીસ આ અજાણ્યા શખ્સની થિયરી પર પણ તપાસ લંબાવી રહી છે.હાલ આ મર્ડર મિસ્ટ્રી ઉકેલવા પોલીસ તમામ દિશામાં ઘનિષ્ઠ તપાસ ચલાવી રહી છે.

હવે કોર્ટના ધક્કા બંધ!

ચાર શહેરોમાં 'કાયમી લોક અદાલત' શરૂ

વગર ખર્ચે-વગર કેસે થશે ચપટીમાં વિવાદોનો નિકાલ : પ્રી-લિટિગેશન, ઇન્સ્યોરન્સ, મેડિકલ નેગ્લિજન્સ તથા : અન્ય આર્થિક અને નાગરિક વિવાદોનો આવશે અંત

રાજકોટ, તા. ૧૪

ગુજરાતના ન્યાયતંત્ર અને સામાન્ય નાગરિકોના જીવનમાં એક અત્યંત રાહતરૂપ અને સીમાચિહ્નરૂપ કહી શકાય તેવું મોટું પગલું ભરાયું છે. વર્ષો સુધી કોર્ટની તારીખો સાચવવી, લાંબી કાનૂની પ્રક્રિયામાંથી પસાર થવું અને વકીલોની ભારે ફી ચૂકવવી એ કોઈપણ સામાન્ય માનવી માટે માથાના દુખાવા સમાન હોય છે. આ પ્રકારની મુશ્કેલીઓથી કંટાળી ચૂકેલા નાગરિકો માટે હવે રાહતના દ્વાર સત્તાવાર રીતે ખુલી ગયા છે. રાજ્યમાં નાગરિકોને ત્વરિત, સરળ, પારદર્શક અને વિનામૂલ્યે ન્યાય મળી રહે તે હેતુસર રાજકોટ સહિત ગુજરાતના ચાર મુખ્ય મહાનગરોમાં 'કાયમી લોક અદાલત'નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ નવી વ્યવસ્થા માત્ર એક સામાન્ય અદાલત નથી, પરંતુ તે એક એવી અદ્યતન ડિજિટલ વ્યવસ્થા છે જે વિવાદોના નિકાલની સમગ્ર પરંપરાગત પદ્ધતિને સાવ સરળ બનાવી દેશે. આ કાયમી લોક અદાલતના સુચારૂ સંચાલન, દેખરેખ અને પારદર્શિતા માટે નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજ નરેન્દ્ર પીઠવાની ની અધ્યક્ષતામાં એક વિશેષ અને સક્ષમ લોક અદાલત કમિટીની રચના પણ કરવામાં આવી છે, જે સમગ્ર પ્રક્રિયાનું સચોટ માર્ગદર્શન કરશે. પ્રારંભિક તબક્કે આ લોક અદાલતનો વ્યાપ માત્ર એક કે બે શહેરો પૂરતો સીમિત રાખવાને બદલે ગુજરાતના ચાર મોટા અને વસ્તી ધરાવતા મહાનગરો-રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં શરૂ કરવામાં આવ્યો છે, જેથી આ પ્રદેશોના લાખો નાગરિકો તેનો સીધો લાભ મેળવી શકે. ખાસ કરીને રાજકોટ અને આસપાસના સૌરાષ્ટ્રના વિસ્તારો માટે આ વ્યવસ્થા એક વરદાન સાબિત થશે, કારણ કે હવે સ્થાનિક સ્તરે પેન્ડિંગ રહેતા અથવા પ્રી-લિટિગેશન સ્ટેજ પરના કેસોના નિકાલ માટે અદાલતોના ધક્કા ખાવાની કે લાંબી કતારોમાં



ઊભા રહેવાની કોઈ જ આવશ્યકતા રહેતી નથી.

આ કાયમી લોક અદાલતનું સૌથી મોટું અને આકર્ષક પાસું તેની સંપૂર્ણ ડિજિટલ અને ઓનલાઈન કાર્યપદ્ધતિ છે. સામાન્ય રીતે કોઈપણ વિવાદ કે કાનૂની પ્રક્રિયા શરૂ કરવા માટે કોર્ટમાં સત્તાવાર કેસ ફાઇલ કરવો પડે છે, જેમાં ચોક્કસ કોર્ટ ફી ભરવી પડે છે અને વકીલની નિમણૂક કરવી પડે છે, જે ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકો માટે આર્થિક ભારણરૂપ બને છે. પરંતુ, કાયમી લોક અદાલતની આ નવી વ્યવસ્થા તમામ પરંપરાગત નિયમોથી તદ્દન અલગ, સરળ અને લોકઉપયોગી છે. આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માટે નાગરિકોએ પરંપરાગત અદાલતોમાં કેસ દાખલ કરવાની કોઈ જ આવશ્યકતા રહેતી નથી. કોઈપણ પ્રકારની અદાલતી કાર્યવાહી કે કેસ દાખલ કર્યા વગર જ સીધા વિવાદના નિવારણ માટે આ મંચનો આશરો લઈ શકાય છે. સમગ્ર સિસ્ટમને ટેકનોલોજી સાથે જોડીને ઓનલાઈન સ્વરૂપ આપવામાં આવ્યું છે, જેથી અરજદારોએ ક્યાંય પણ રૂબરૂ ધક્કા ખાવાને બદલે માત્ર નિર્ધારિત ઓનલાઈન પોર્ટલ પર એક સામાન્ય અરજી કરવાની રહે છે. આ ઓનલાઈન અરજીની અત્યાધુનિક સુવિધાથી કાનૂની પ્રક્રિયા અત્યંત સરળ, ઝડપી અને પારદર્શક બની ગઈ છે.

સૌથી મોટી રાહતની વાત એ છે કે આ કાયમી લોક અદાલતમાં અરજી કરવા માટે નાગરિકોએ કોઈપણ પ્રકારની ફી ચૂકવવાની રહેશે નહીં; આ સેવા સંપૂર્ણપણે નિશુલ્ક છે, જેથી કોઈપણ નાગરિક નાણાકીય મુઝવણ વિના પોતાના હક માટે અવાજ ઉઠાવી શકે છે.

રાજકોટ સહિત ગુજરાતનાં ચાર મહાનગરોમાં કાયમી લોક અદાલતનું આ ક્રાંતિકારી પગલું અદાલતો પરના પેન્ડિંગ કેસોનો ભાર ઘટાડવામાં મદદ કરશે અને સાથે સાથે સામાન્ય પ્રજાને ખૂબ જ ઝડપી, પારદર્શક અને સરળ ન્યાય મેળવવામાં એક મજબૂત માધ્યમ પૂરું પાડશે. કોઈપણ જાતના વિલંબ, જટિલતા કે આર્થિક બોજ વગર વિવાદોના ડુંગર જેવા પ્રશ્નોને આપસી સમજૂતી અને મધ્યસ્થી દ્વારા ચપટીમાં ઉકેલવાની આ એક સુવર્ણ તક છે, જે ખરા અર્થમાં નાગરિકો માટે સુરાજ્ય અને સરળ ન્યાયની પ્રતીતિ કરાવશે.

વહીવટી અધિકારીઓને ન્યાયિક સત્તાઓ સોંપાતાં રાજ્યની લેબર કોર્ટનું કામકાજ ઠપ્પ

નવા 'લેબર કોડ' સામે ઉગ્ર વિરોધનો સૂર



રાજકોટ, તા. ૧૪

ગુજરાતમાં તાજેતરમાં ભાડા વિધેયકને લઈને જાગેલો વિરોધનો વંટોળ હજુ શમ્યો નથી, ત્યાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રસ્તાવિત નવા 'લેબર કોડ' સામે પણ વિરોધનો સૂર અત્યંત બુલંદ બન્યો છે. કાયદાની વિવાદસ્પદ અને કામદારવિરોધી જોગવાઈઓના આકરા વિરોધમાં 'લેબર લોઝ પ્રેક્ટિશનર્સ એસોસિએશન' તેમજ વિવિધ 'ટ્રેડ યુનિયન એસોસિએશન' એકમંચ પર આવ્યા છે. આ નવા કાયદા સામે પોતાના વિરોધની ધાર વધુ તેજ કરતાં રાજ્યભરની લેબર કોર્ટના ન્યાયાધીશો, વકીલો અને લેબર કોર્ટ બારના સભ્યો કામકાજથી સંપૂર્ણપણે અળગા રહ્યા હતા, જેના પગલે સમગ્ર રાજ્યની શ્રમ અદાલતોમાં કામકાજ ઠપ થઈ ગયું હતું.

નવા લેબર કોડ સામે ઊભા થયેલા આ વ્યાપક અસંતોષ અને આક્રોશનું મુખ્ય કારણ શ્રમ અદાલતોની સ્વાયત્તતા અને તેના ન્યાયાધીશોની ન્યાયિક સત્તાઓ પર મૂકવામાં આવેલો કાપ છે. નવા લેબર કોડ હેઠળ અત્યાર સુધી લેબર કોર્ટના ન્યાયાધીશ (જજ) પાસે જે ન્યાયિક અધિકારો અને સત્તાઓ સુરક્ષિત હતી, તે તમામ સત્તાઓ હવે ડેપ્યુટી લેબર કમિશનર કે તેના સમકક્ષ વહીવટી અધિકારીઓને સોંપવાની જોગવાઈ કરવામાં આવી છે. ન્યાયતંત્રને બદલે વહીવટી તંત્રના હાથમાં આવી વ્યાપક અને મહત્વપૂર્ણ ન્યાયિક સત્તાઓ સોંપવાના આ નિર્ણય સામે જ વકીલો અને ટ્રેડ યુનિયનો દ્વારા મુખ્ય વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે.

કાનૂની નિષ્ણાતો અને લેબર લોઝ પ્રેક્ટિશનર્સ એસોસિએશનના અગ્રણીઓનું સ્પષ્ટપણે માનવું છે કે, કાયદાકીય જ્ઞાન અને ન્યાયિક પ્રક્રિયાથી સંપૂર્ણપણે માહિતગાર ન હોય તેવા વહીવટી અધિકારીઓને આવી સત્તાઓ સોંપવાથી સમગ્ર ન્યાય પ્રક્રિયા ખોરવાઈ જશે. વહીવટી અધિકારીઓ સીધા સરકારના નિયંત્રણ હેઠળ કામ કરતા હોવાથી, કામદારો કે શ્રમજીવીઓ જ્યારે પોતાના હક કે શોષણ સામે અવાજ ઉઠાવશે ત્યારે તેમને સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાય મળવાની શક્યતાઓ નહિવત્ રહી જશે. આ જોગવાઈથી ન્યાયતંત્રની સ્વતંત્રતા પર સીધો પ્રહાર થયો છે.

આ વિરોધ પ્રદર્શનના પગલે રાજ્યભરની લેબર કોર્ટોમાં સન્નાટો છવાઈ ગયો હતો. જજ, વકીલો તેમજ અદાલતી સ્ટાફના કામથી અળગા રહેવાના કારણે રોજના ધોરણે ચાલતી હજારો કેસોની સુનાવણી અટકી પડી હતી, જેના કારણે પોતાના ન્યાયની આશાએ આવેલા અનેક શ્રમજીવીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ટ્રેડ યુનિયન એસોસિએશન અને લેબર કોર્ટ બાર એસોસિએશન દ્વારા સરકારને સ્પષ્ટ ચિમકી આપવામાં આવી છે કે, જો શ્રમજીવીઓ અને ન્યાયતંત્રના હિતને નુકસાન પહોંચાડતી આ જોગવાઈઓ તુરંત જ પાછી ખેંચવામાં નહીં આવે અથવા તો તેમાં જરૂરી સુધારા કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં આ લડતને વધુ આક્રમક બનાવવામાં આવશે અને જરૂર પડ્યે આ કાયદાકીય વિસંગતતા સામે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી કાનૂની લડાઈ લડવામાં આવશે.

દિવાળી તહેવાર પહેલા ખાદ્યતેલોમાં આગઝરતી તેજી

સિંગતેલનો ડબ્બો ૩ હજારની સપાટી વટાવી ગયો, સામાન્ય પરિવારોનું રસોડાનું બજેટ ખોરવાયું

રાજકોટ, તા. ૧૪

દિવાળી એટલે ઉત્સવ, ઉમંગ અને ઘર-આંગણે બનતી ભાતભાતની વાનગીઓની સોડમ. પરંતુ આ વર્ષે તહેવારોની આ ખુશીઓ પર મોંઘવારીનું ગ્રહણ સ્પષ્ટપણે વર્તાઈ રહ્યું છે. દિવાળીના દીવા પ્રગટે તે પહેલા જ બજારમાં ખાદ્યતેલોના ભાવોએ આમ પ્રજાના કમર ભાંગી નાખે તેવા તોતિંગ વધારા નોંધાવ્યા છે. ખાસ કરીને, મધ્યમ વર્ગ અને સામાન્ય પરિવારોના રસોડાના મુખ્ય પાયા સિંગતેલે તમામ જૂના રેકોર્ડ તોડી નાખતા ૧૫ કિલોનો ડબ્બો સીધો ₹૩,૦૦૦ ની સપાટી વટાવી ગયો છે, જેનાથી ગૃહિણીઓનું આખું આર્થિક ગણિત અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

બજારમાં હાલ ખાદ્યતેલોની છૂટક સ્થિતિ પર નજર કરીએ તો તે તેજીના રૌદ્ર સ્વરૂપની સાક્ષી પૂરે છે. માત્ર સિંગતેલ જ નહીં, પરંતુ અન્ય તેલોના ભાવ પણ ઊંચા સ્તરે અટવાયેલા છે. સિંગતેલનો ૧૫ કિલોનો ડબ્બો હાલ બજારમાં રૂ. ૩,૦૦૦ થી શરૂ થઈને સીધો રૂ. ૩,૦૮૦ સુધી બોલાઈ રહ્યો છે. બીજી તરફ, વૈકલ્પિક ઉપયોગમાં લેવાતું કપાસિયા તેલ પણ પાછળ નથી, જેના ભાવ રૂ. ૨,૬૨૦ થી રૂ. ૨,૬૮૦ ની પકડમાં જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત, પામતેલના ભાવ પણ વધીને રૂ. ૨,૩૧૫ થી રૂ. ૨,૩૨૦ ની સપાટીએ પહોંચી ગયા છે. આ તમામ આંકડાઓ દર્શાવે છે કે રસોડામાં વપરાતું દરેક મુખ્ય તેલ આજે મોંઘવારીની આગમાં તપી રહ્યું છે.

ખાદ્યતેલોના ભાવમાં અવિરત થઈ



રહેલા આ વધારા પાછળ કુદરતી માર અને વ્યાપારિક સમીકરણો મુખ્યત્વે જવાબદાર છે. આ વર્ષે સિઝન દરમિયાન વરસાદનું પ્રમાણ ધારણા કરતાં ઓછું અથવા અનિયમિત રહ્યું છે. સમયસર અને પૂરતા પાણીના અભાવે મગફળીના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. પાક નિષ્ફળ જવા કે ઓછો થવાને કારણે બજારમાં નવી મગફળીની આવક જે સમયસર થવી જોઈએ, તે થઈ શકી નથી. મિલરો અને વેપારીઓ પાસે કાચો માલ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાથી સિંગતેલના ઉત્પાદન અને સોર્સિંગ પર સીધી બ્રેક વાગી છે, જેનો સીધો બોજ ગ્રાહકોની જેબ પર પડી રહ્યો છે.

સામાન્ય રીતે દિવાળી જેવા મોટા તહેવાર ટાણે બજારના વલણો દ્વારા ભાવ નિયંત્રણમાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ આ વખતે સ્થિતિ તદ્દન વિપરીત છે. બજારના જાણકારો અને અગ્રણી વ્યાપારિક સૂત્રોના મતે, આગામી દિવાળી સુધી ખાદ્યતેલોના ભાવમાં કોઈ જ ઘટાડો થાય તેવી દૂર-દૂર સુધી શક્યતા દેખાતી નથી. નવી આવક બજારમાં પૂરતા પ્રમાણમાં નહીં ઠલવાય ત્યાં સુધી તેજીનું આ ચક્ર અટકવાનું નામ નહીં લે. પરિણામે, આ વર્ષે દિવાળીના ફરસાણ અને તહેવારોની રસોઈ સામાન્ય માનવીના માસિક બજેટને ખરાબ રીતે હચમચાવી નાખશે તે નક્કી છે. તહેવારની ઉજવણી વચ્ચે મોંઘવારીનો આ માર પરિવારની ખુશીઓની સાથે આર્થિક સ્થિરતાને પણ પ્રભાવિત કરી રહ્યો છે.

ન્યાય અને સુરક્ષાનો નવો સૂર્યોદય : ઈંજ્ય સિદ્ધિ સાથે પ્રથમ ક્રમાંકે રાજકોટ પોલીસ!

ખેડૂતોને કરોડોની જમીન અપાશે પરત

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટમાં : ૫૦૦ વીઘાથી વધુ જમીનના દસ્તાવેજો સાથે ૭૦૦થી વધુ લોકોને નવજીવન આપતી 'પ્રેરણા' પહેલનો વિશેષ રિપોર્ટ થશે રજૂ

રાજકોટ, તા. ૧૪

રાજકોટ જિલ્લાના કાયદો, વ્યવસ્થા અને પ્રજાકલ્યાણના ઈતિહાસમાં ૧૫મી ઓક્ટોબરનો દિવસ સુવર્ણ અક્ષરે અંકિત થવા જઈ રહ્યો છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાનારા એક વિશેષ અને ભવ્ય કાર્યક્રમમાં રાજકોટ ગ્રામ્ય પોલીસે કરેલી ભગીરથ કામગીરીના પરિણામો સમગ્ર રાજ્ય સમક્ષ મૂકવામાં આવશે. આ કાર્યક્રમ માત્ર સરકારી લોકાર્પણ પૂરતો સીમિત ન રહેતાં, વ્યાજખોરો અને છળકપટનો ભોગ બનેલા અસંખ્ય ખેડૂતો માટે ન્યાય અને પુનઃસ્થાપનનો ઉત્સવ બની રહેશે.

આ પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રીના વરદહસ્તે શાપરમાં નવનિર્મિત 'વિભાગીય પોલીસ અધિકારીશ્રી - રાજકોટ ગ્રામ્ય ડિવિઝન'ની આધુનિક કચેરીનું વિધિવત લોકાર્પણ કરવામાં આવશે. શાપર અને તેની આસપાસ આવેલા વિશાળ ઔદ્યોગિક તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ગુનાખોરી પર લગામ કસવા અને કાયદો-સુરક્ષાની સ્થિતિને વધુ લોખંડી બનાવવામાં આ નવી કચેરી અગત્યની ભૂમિકા ભજવશે. નવા વિસ્તારોનો ઝડપી વિકાસ થવાની સાથે જ નાગરિકો અને ઉદ્યોગકારોને પોતાના દ્વારે જ તાત્કાલિક અને ગુણવત્તાસભર પોલીસ સેવાઓ ઉપલબ્ધ બનશે.

આ કાર્યક્રમનું સૌથી મહત્ત્વનું અને સંવેદનશીલ પાસું છે ખેડૂતોને તેમની હડપાયેલી જમીન પરત સોંપવાની ઐતિહાસિક ક્ષણ. રાજકોટ જિલ્લામાં કેટલાક અસામાજિક અને દગાબાજ તત્વોએ છેતરપિંડી, દબાણ અને વ્યાજના વિષચક્રમાં ફસાવીને ગરીબ ખેડૂતોની કિંમતી જમીનો તથા દસ્તાવેજો પડાવી લીધા હતા. રાજકોટ ગ્રામ્ય પોલીસે આ ગંભીર બાબતને અત્યંત ગંભીરતાથી લઈને સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (જીઈઝ) ની રચના કરી હતી. એસ.આઈ.ટી.ની ટીમે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી, ગુનાખોરો પર કાયદાનો આકરો સકંજો કસ્યો હતો. પોલીસ તંત્રએ સબરજિસ્ટ્રાર કચેરી સાથે તાલમેલ સાધીને કાયદાકીય પ્રક્રિયા



પૂર્ણ કરી અને ૫૦૦ વીઘાથી પણ વધુ જમીનના કરોડો રૂપિયાની મૂલ્ય ધરાવતા દસ્તાવેજો કબ્જે કર્યા હતા. આ જમ કરાયેલા મૂળ દસ્તાવેજો આવતીકાલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે મૂળ માલિક એવા ખેડૂતોને અત્યંત સન્માનપૂર્વક પરત સોંપવામાં આવશે, જે પોલીસ તંત્રની પ્રજાપ્રિય અને વિશ્વાસપાત્ર કામગીરીની ઉત્કૃષ્ટ મિસાલ છે.

આ સાથે જ રાજકોટ ગ્રામ્ય પોલીસે શાસન અને વહીવટમાં ઉત્કૃષ્ટતા દાખવીને સમગ્ર ગુજરાત રાજ્યમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો, વિવિધ શાખાઓ અને તમામ કચેરીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું ઈંજ્ય ૯૦૦૧: ૨૦૧૫ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ ક્ષેત્રે તમામ કચેરીઓને એકસાથે ઈંજ્ય સર્ટિફાઇડ કરાવનારો રાજકોટ જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ જિલ્લો બન્યો છે. આ આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર રાજકોટ ગ્રામ્ય પોલીસ સ્ટેશનોમાં થતી કામગીરીની શ્રેષ્ઠ ગુણવત્તા, પારદર્શક વહીવટ, સુઘડ રેકોર્ડ મેનેજમેન્ટ અને સ્વચ્છ વાતાવરણની પ્રત્યક્ષ સાક્ષી પૂરે છે.

માત્ર કાયદાનું પાલન કરાવવા ઉપરાંત પોલીસ તંત્રની માનવીય સંવેદના દર્શાવતી એક નવતર પહેલ 'પ્રેરણા નવા જીવનની'ના અહેવાલનું પણ આ તકે વિમોચન કરવામાં આવશે. જિંદગીના નિરાશાજનક મોડ પર આવીને આત્મહત્યા જેવા આત્યંતિક પગલાં ભરવા વિચારતા લોકોને રોકવા માટે રાજકોટ ગ્રામ્ય પોલીસે આ વિશેષ અભિયાન ચલાવ્યું હતું. આ પહેલ હેઠળ અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ લોકોને વ્યાવસાયિક કાઉન્સેલિંગ પૂરું પાડીને નકારાત્મકતામાંથી બહાર લાવવામાં આવ્યા છે અને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં ફરીથી સ્થાપિત કરી નવું જીવન જીવવાની દિશા આપવામાં આવી છે. આમ, ૧૫મી ઓક્ટોબરે યોજાનારો આ કાર્યક્રમ રાજકોટ પોલીસની કડક કાયદાકીય કાર્યવાહી, વહીવટી પારદર્શિતા અને માનવીય સંવેદનાનો ત્રિવેણી સંગમ બની રહેશે.

રાજનીતિમાં જીવ-જંતુ!

અનુભવ કે સમજ વગર રાતોરાત નેતા બની જવાની વિચિત્ર હોડ જામી



કોકરોચ પાર્ટીના નામે બઘડાટી ચાલી રહી છે. આ સમયે સુપ્રીમ કોર્ટની એક ટિપ્પણી બાદ 'મખ્ખી જનતા પાર્ટી' અસ્તિત્વમાં આવી છે. આવાં નામોથી પક્ષો કે સંગઠનો રચીને સોશિયલ મીડિયા પર ઊગી નીકળતા અને પોતાને નેતા તરીકે ખપાવતા તત્વો સામે હવે લાલ આંખ કરવાનો સમય આવી ગયો છે. આવાં કૃત્યો માત્ર હાસ્યાસ્પદ નથી, પરંતુ તે રાજનીતિ અને જાહેર જીવનના ગૌરવને સરેઆમ લજવનારાં છે. લોકશાહી જેવા પવિત્ર અને જવાબદાર ક્ષેત્રને રમુજ કે સસ્તી લોકપ્રિયતા મેળવવાનું સાધન બનાવનારા આવા તત્વોની સમાજે અને કાયદાએ આકરી ઝાટકણી કાઢવી જ અનિવાર્ય બની ગઈ છે.

જાહેર જીવન અને નેતાગીરી એ કોઈ બાળરમત, મનોરંજન કે મોજશોખનું સાધન નથી. નેતાગીરી અને સત્તા એ કોઈ સામાન્ય કે સરળ માર્ગ નથી. સત્તા મેળવવી અને પ્રજાનું નેતૃત્વ કરવું એ અત્યંત ગંભીર અને ભારે જવાબદારીપૂર્વકનો માર્ગ છે. લોકશાહીમાં સાચો નેતા બનવા માટે વર્ષો સુધી પ્રજાની વચ્ચે રહીને તપસ્યા કરવી પડે છે. સાચા નેતાનું ઘડતર ત્યાગ, સમર્પણ, ધૈર્ય, નૈતિક મૂલ્યો અને સામાજિક સાધનાના કઠિન માર્ગમાંથી પસાર થઈને થાય છે.

જે લોકોને નેતાગીરીના મૂળભૂત મૂલ્યો કે પ્રજાસેવાની ગંભીરતાની જરાય ખબર નથી, તેઓ રાતોરાત સોશિયલ મીડિયા પર સસ્તા વિવાદો સર્જીને કે આવા વિચિત્ર પક્ષોના નામો જાહેર કરીને નેતા બની જવાનો નાટક કરી રહ્યા છે. આ તત્વો મોટાભાગે ટોળું રચીને અરાજક સ્થિતિ સર્જે છે. મનફાવે ત્યારે, કોઈપણ વિચારધારા કે સેવાના તપ વગર રાતોરાત નેતા બની ન શકાય. રાતોરાત ઊગી નીકળવાની અને સત્તા મેળવવાની આ ઘેલછા લોકશાહીના માળખા માટે અત્યંત ઘાતક અને દૂષણ સમાન છે.

આવા તત્વો સામે ચૂંટણી પંચ, સ્થાનિક પ્રશાસન અને કાયદાકીય તંત્રે ત્વરિત અને કડક પગલાં લેવાં જરૂરી છે. જે લોકો રાજકારણને ગંદકી તરફ ધકેલે છે અને જાહેર જીવનની મર્યાદાઓનો ભંગ કરે છે, તેમને યોગ્ય પાઠ ભણાવવો જ રહ્યો. જો સમયસર આવા બેજવાબદાર અને ક્ષણિક ચમકારો બતાવતા તત્વો પર લગામ નહીં કસવામાં આવે, તો રાષ્ટ્ર અને સમાજ માટે નિઃસ્વાર્થપણે તપસ્યા કરતા સાચા સેવાભાવી નેતાઓનો અવાજ દબાઈ જશે. પ્રજાએ અને સરકારે એક થઈને આ પ્રકારના નાટકબાજોને રાજનીતિના પવિત્ર ક્ષેત્રમાંથી બહાર ફેંકવા પડશે.



સૌરવ દાસ-આશુતોષ રંકાની જેલની સજા પર રાહુલનો સરકાર પર પ્રહાર

રાહુલે કહ્યું જંતર-મંતર પર ત્રિરંગો લહેરાવવો એ ગુનો નથી, યુવાનોને જેલમાં મોકલવા એ કાયરતાપૂર્ણ કૃત્ય છે

નવીદિલ્હી, તા. ૧૪

દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન પર પ્રતિબંધ હોવા છતાં, કોકરોચ જનતા પાર્ટીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસ અને આશુતોષ રંકા મંગળવારે સવારે ત્યાં પહોંચ્યા અને ત્રિરંગો લહેરાવીને વિરોધ કર્યો. ત્યારબાદ, પોલીસે તેમની અને અન્ય સભ્યોની અટકાયત કરી. આજે, સીજેપી નેતાઓને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. તેમની જેલની સજાએ હવે રાજકીય ચર્ચા જગાવી છે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આ કાર્યવાહી પર સવાલ ઉઠાવતા કહ્યું કે જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન દરમિયાન ત્રિરંગો લહેરાવવો ગુનો નથી. આ માટે યુવાનોને કેદ કરવા એ કાયરતા છે. તેમણે પોતાની ''ઽ'' પોસ્ટમાં લખ્યું છે કે ''નાગરિકો તેમના બંધારણીય અધિકારોની માંગ કરી રહ્યા છે. જંતર-મંતર ભારતના લોકોનું છે.''

કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ, યુવાનો, પત્રકારો, ભારત ગઠબંધન અને વિવિધ બેનરો હેઠળ વિરોધ પ્રદર્શનોનો ઉદ્દેશ્ય એક જ છે; બધા વિરોધ સમાન છે. દરમિયાન, સીજેપીના સ્થાપક અભિજીત દિપકકેએ કોંગ્રેસના નેતાની પોસ્ટનો જવાબ આપ્યો, તેમનો આભાર માન્યો. તેમણે લખ્યું, ''આભાર કન્નઽ,'' ઈઉઽ નેતાઓની ગેરકાયદેસર ધરપકડ સામે બોલવા બદલ. અગાઉ, અભિજીત દિપકીએ ઈંગઉઈંઅ ગઠબંધનના વિરોધ અંગે જણાવ્યું હતું કે, આપણા બધાનો એક જ ધ્યેય છેઃ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે લડવું. ઈઉઽ એક સ્વતંત્ર દબાણ જૂથ છે, પરંતુ તેનો અર્થ એ નથી કે આપણે ઈંગઉઈંઅ બ્લોકની વિરુદ્ધ છીએ. દિપકીએ સૌરવ દાસ અને આશુતોષ રંકાને જેલમાં ધકેલી દેવા પર પણ સવાલ ઉઠાવ્યા હતા, તેને બિનસત્તાવાર કટોકટી ગણાવી હતી. નાગપુરમાં મીડિયા સાથે વાત કરતા અભિજીત દિપકીએ કહ્યું, ''હું ઝખ મોદીને કહેવા માંગુ છું કે જો તમે દેશમાં કટોકટી લાદવા માંગતા હો, તો તે સત્તાવાર રીતે કરો. તમે બિનસત્તાવાર કટોકટી કેમ ચલાવી રહ્યા છો, જ્યાં લોકોને ફક્ત જંતર-મંતર પર રાષ્ટ્રધ્વજ લહેરાવવા બદલ પાંચ દિવસની કસ્ટડીમાં મોકલવામાં આવે છે?'' કટોકટી દરમિયાન પણ આવી ઘટનાઓ બની ન હતી.

જો તમારામાં હિંમત હોય, તો સત્તાવાર કટોકટી જાહેર કરો. આ લોકો કાયર છે, પોલીસ પાછળ છુપાયેલા છે. ગઈકાલથી, સૌરવ, આશુતોષ અને અજિંક્યને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યા છે અને તેમના વકીલોને મળવાનો ઇનકાર કરવામાં આવ્યો છે. આજે સવારે સૌરવ અને આશુતોષને પાંચ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. તેમનો ગુનો શું હતો? રાહુલ ગાંધીએ સીજેપીના સૌરવ દાસ અને આશુતોષ રંકાની ન્યાયિક કસ્ટડી પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે જંતર-મંતર પર ત્રિરંગો લહેરાવવો એ ગુનો નથી, પરંતુ યુવાનોને જેલમાં મોકલવા એ કાયરતાપૂર્ણ કૃત્ય છે.

છઠ સુધી ટ્રેન પ્લેટફોર્મ યથાવત રહેશે

ટિકિટ વિના સ્ટેશનોમાં પ્રવેશ પર પ્રતિબંધ : ભીડ અંગે રેલવેનો નિર્ણય

નવીદિલ્હી, તા. ૧૪

તહેવારોની મોસમ દરમિયાન રેલવે સ્ટેશનો પર અપેક્ષિત ભીડ અને અચાનક ટ્રેન પ્લેટફોર્મ બદલાવથી ઊભી થઈ શકે તેવી અંધાધૂંધીને ધ્યાનમાં રાખીને, ઉત્તર પૂર્વીય રેલ્વેએ એક મોટો નિર્ણય લીધો છે. આ સંદર્ભમાં, ઉત્તર પૂર્વીય રેલ્વેએ તેના અધિકારક્ષેત્ર હેઠળના તમામ સ્ટેશન માસ્ટરોને એક સલાહકાર જારી કર્યો છે. તેમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે દિવાળી અને છઠ સુધી ટ્રેન પ્લેટફોર્મમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. રેલ્વેએ સ્ટેશનો પર ભીડ નિયંત્રણ માટે કડક જોગવાઈઓ પણ કરી છે. તેમાં એવી શરત મૂકવામાં આવી છે કે મુસાફરો કે તેમને પ્રાપ્ત કરનારા કોઈપણને ટિકિટ વિના સ્ટેશનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ઉત્તર પૂર્વીય રેલ્વેએ સ્ટેશનો પર દેખરેખ રાખવા અને કડક સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પણ સૂચના આપી છે. આ સંદર્ભમાં, ઉત્તર પૂર્વીય રેલ્વેએ તહેવારોની મોસમ



દરમિયાન વિવિધ શહેરોમાં ઘણી વિશેષ ટ્રેનો ચલાવવાની પણ જાહેરાત કરી છે.

ઉત્તર પૂર્વીય રેલ્વેએ ગોરખપુર, છાપરા, વારાણસી અને લખનૌ સહિત અનેક મુખ્ય સ્ટેશનો પર મુસાફરોની સુવિધાઓમાં વધારો કર્યો છે. ટ્રેનો પ્લેટફોર્મ પર ન આવે ત્યાં સુધી મુસાફરો રાહ જોવાના વિસ્તારો અને આરામ વિસ્તારોમાં રહે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આ માટે, આ સ્ટેશનો પર રેલવે આરામ વિસ્તારોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે, રેલ્વે જાહેરાત સિસ્ટમ, ટ્રેન ડિસ્પ્લે બોર્ડ, લાઇટિંગ, મોબાઇલ ચાર્જિંગ અને સીસીટીવી કેમેરા પણ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે. ગોરખપુર જંકશન પર આશરે ૨,૫૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં વધારાની મુસાફરોની બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં આશરે ૨,૦૦૦ મુસાફરોને સમાવવામાં આવશે. મુસાફરોની સલામતી માટે પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સ્ટેશન, પ્લેટફોર્મ અને પુલ પર રેલ્વે સુરક્ષા દળના કર્મચારીઓ તૈનાત કરવામાં આવી રહ્યા છે. વિવિધ સ્થળોએ સ્થાપિત સીસીટીવી કેમેરા પ્લેટફોર્મ અને વેઇટિંગ એરિયા પર નજર રાખશે.

મુખ્ય મથક અને વિભાગીય સ્તરે વોર રૂમમાં અધિકારીઓ ૨૪ કલાક હાજર રહેશે. આ અધિકારીઓ દૈનિક મુસાફરોના ટ્રાફિકનું મૂલ્યાંકન કરશે, જેનાથી જરૂર પડ્યે રેલ્વે ખાસ ટ્રેનો ચલાવી શકશે. તહેવારો દરમિયાન ટ્રેનોમાં અપેક્ષિત ભીડને ધ્યાનમાં રાખીને, રેલ્વે મુસાફરો માટે ખોરાક અને પીવાના પાણીની પણ વ્યવસ્થા કરી રહી છે. રેલ્વે આ તહેવારોની મોસમ દરમિયાન દરેકની મુસાફરી સુરક્ષિત રહે તે માટે તમામ પ્રયાસો કરી રહી છે. રેલ્વેએ તહેવારો દરમિયાન ભીડનું સંચાલન કરવા માટે મહત્વપૂર્ણ પગલાં લીધા છે. દિવાળી અને છઠ સુધી ટ્રેન પ્લેટફોર્મ પર કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. આ ઉપરાંત, સ્ટેશનોમાં ટિકિટ વિના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

નકશામાં લદ્દાખના ૨૮ સ્થળોની ઓળખથી ચીન નારાજ

ભારતે સ્પષ્ટ કર્યું કે લદ્દાખ તેનો અભિન્ન ભાગ અને ચીનનો વિરોધ હકીકતો બદલશે નહીં

નવીદિલ્હી, તા. ૧૪

ભારતના લદ્દાખના સત્તાવાર નકશામાં ૨૮ સ્થળોના નામ અને ભૌગોલિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેનાથી ચીન ગુસ્સે થયું અને તેને વાંધો ઉઠાવવા માટે પ્રેરિત કર્યું. ચીને આ મુદ્દો ઉઠાવ્યા પછી, ભારતના વિદેશ મંત્રાલયે સ્પષ્ટપણે કહ્યું, ''અમે પુનરાવર્તન કરીએ છીએ કે લદ્દાખનો કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો અભિન્ન અને અભિન્ન ભાગ છે. ચીનના ઇનકારથી આ હકીકત બદલાશે નહીં.'' ચાલો લદ્દાખના ૨૮ સ્થળોની શોધ કરીએ જેમના નકશાના નામોએ ચીનને નારાજ કર્યું છે. પહેલા, ચાલો ચર્ચા કરીએ કે ભારતે ૨ ઓક્ટોબરના રોજ ૨૮ સ્થળોના નામ જાહેર કરતી વખતે શું કહ્યું હતું. ગૃહ મંત્રાલયે એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું, જેમાં કહેવામાં આવ્યું હતું કે, ''ભારત સરકારે, લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશ સાથે મળીને, સત્તાવાર સર્વે ઓફ ઇન્ડિયા (જ્ઞાઈ) નકશા પર લદ્દાખમાં



કુલ ૨૮ સ્થળો અને સુવિધાઓને તેમના માનક નામો સાથે ઓળખી કાઢ્યા છે.'' લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશના સર્વે ઓફ ઇન્ડિયા નકશા પર આ સ્થળોને ઔપચારિક રીતે ઓળખવાનો હેતુ સામાન્ય લોકોમાં તેમની યોગ્ય ઓળખ અને વધુ સારી જાગૃતિને સરળ બનાવવાનો છે.

ભારતે ૨૮ સ્થળોના નામ જાહેર કરતાં જ ચીન નારાજ થઈ ગયું. મંગળવારે, તેણે ભારતના આ પગલાનો વિરોધ કર્યો. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે બેઇજિંગે ક્યારેય લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશને માન્યતા આપી નથી. ભારતે તેને ''એકપક્ષીય અને ગેરકાયદેસર રીતે'' બનાવ્યું છે. ચીન ભારત દ્વારા કહેવાતા પ્રમાણભૂત નામોની જાહેરાતનો સખત વિરોધ કરે છે. આ પગલું ''ગેરકાયદેસર અને અમાન્ય'' છે અને ચીન-ભારત સરહદના પશ્ચિમ ભાગમાં ચીનના તેના પ્રદેશ પરના દાવાને અસર કરશે નહીં.

ચીનના વાંધાના કલાકો પછી, ભારતીય વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, ''અમે પુનરાવર્તન કરીએ છીએ કે લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે. ચીનનો ઇનકાર આ સ્થાપિત હકીકતને બદલી શકતો નથી.'' ગૃહ મંત્રાલયની પ્રેસ રિલીઝનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે તે સ્વયંસ્પષ્ટ છે. જાહેરાતમાં જણાવાયું છે કે લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૮ સ્થળોને સત્તાવાર સર્વે ઓફ ઇન્ડિયા નકશા પર પ્રમાણભૂત નામો સાથે ઓળખવામાં આવ્યા છે. આ કાર્ય લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ અને સ્થાનિક હિસ્સેદારો સાથે પરામર્શ કર્યા પછી કરવામાં આવ્યું હતું. લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશના સર્વે ઓફ ઇન્ડિયા નકશા પર આ સ્થળોને ઔપચારિક રીતે ઓળખવાનો હેતુ સામાન્ય લોકોમાં તેમની સાચી ઓળખ અને વધુ સારી જાગૃતિ સુનિશ્ચિત કરવાનો છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

દરેકને સિદ્ધિનાં વરદાન આપતી 'માઁ હરસિદ્ધિ' પાસે સર્વ મંગલનો સંકલ્પ લઈને જઈએ



આસો નવરાત્રીમાં મા જગદંબા ને ગીત ગરબા કે રાસથી પ્રસન્ન કરવાની ભક્તો કોશિશ કરે છે! અને રાત રાત ભર ગરબા ગાય છે, નાગરોના ઘરમાં બેઠાં ગરબાની એક અનોખી પ્રથા છે, અને એમાં પણ સૂર લય તાલ થી એકદમ ભક્તિ ભર્યો માહોલ સર્જાય છે. આમ ભક્તની તામસી, રાજસી, અને સાત્વિક શ્રદ્ધાથી શક્તિ ઉપાસનાનાં દિવસો આગળ વધતાં જાય છે, અને મા નવદુર્ગા પર્વત પરથી નીચે અને પછી મંડપમાં આવી આપણી વૃત્તિઓ સાથે રાસ રમી રહી છે, અને વિકારોને દૂર કરી મન માનસમાં બિરાજમાન થઈ છે! એટલે કે એણે આપણને એનાં બાળક તરીકે સ્વીકારી લીધાં છે. માતા જેમ પોતાનાં બાળકનાં ગુણ અવગુણ બધું જ ભૂલી એનું શુભ વાંછે છે, એમ મા જગદંબા પણ આપણું હિત કરવા કૃપા કરી રહી છે, અને જો આપણાં અંતરમાં તાડકાસૂર રુપે રહેલા પ્રમાદનો વધ કરવા કાર્તિકેય રુપે પુરુષાર્થ જન્મે તો સમજવું કે આપણી નિજ ભક્તિ જરૂર પરિણામ લાવશે! અથવા તો પછી પરમાર્થ માટે કોઈ સદવૃત્તિ જન્મે તો પણ અંતરમાં મા પધારી ચૂકી છે એમ માનવું. આજે આસો નવરાત્રીનો પાંચમો દિવસ છે, આજે નવદુર્ગાના સ્કંદમાતા સ્વરૂપની પૂજા અર્ચનાનો દિવસ. ભગવાન શંકર અને પાર્વતીના પુત્ર કાર્તિકેયનું એક નામ સ્કંદ કુમાર છે, એટલે કાર્તિકેયની માતા અથવા સ્કંદની માતા મા સ્કંદમાતા એવો અર્થ થાય. સ્કંદ માતાની ઉપાસનાથી હરેક દિશાઓમાંથી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. તો આપણે પણ આજે હરસિદ્ધિ એટલે કે હર્ષદ માતાની વાત કરીશું, તેનું સ્થાન અને તેના સ્વરૂપ વિશે આવો દર્શન કરીએ માં આગળ જોઈએ. મા હરસિદ્ધિની ઉત્પત્તિ વિષે ત્રણ લોકવાયકાઓ પ્રચલિત છે.

હાલાર અને સોરઠની ધરતીની સરદહ ઉપર આવેલ હરસિદ્ધિમાતાનું તિર્થધામ ભગવાન શ્રી કિષ્ના તથા રાજા વિક્રમાદિત્યના કુળદેવીનું સ્થાનક છે. હાલરના સાગરકાઠાની સૃષ્ટીમાં ગાંધવી ગામની હદમાં મેઢાખાડીના કિનારે હરસિદ્ધિમાતાજીનું મંદિર આવેલ છે. કોયલા ડુંગર ઉપર આવેલ હરસિદ્ધિમાતાનું મંદિર ચાલુક્ય કાળનું મંદિર છે. આ મંદિરની આરતી અત્યંત અદભૂત છે. લગભગ ૧ કલાક આરતી ચાલે છે, અને સાંભળી ને પણ તમને ખૂબ સારું લાગશે. એવું કહેવાય છે કે માતા હરસિદ્ધિ રોજ આરતી દરમિયાન હાજર રહે છે. ત્યાં હિંડોળા છે, અને જેમ મા આવે છે,એમ હિંડોળા આપોઆપ જુલવા માંડે છે. વાતાવરણ ખુબ જ શાંત છે.

માતા હરસિધ્ધી એટલે કે હર્ષદ માતાનું મંદિર દેવભૂમિ દ્વારકા અને પોરબંદરની વચ્ચે આવેલું છે. ખૂબ જ લાંબો દરિયા કિનારાની જગ્યા, ઉપરાંત કોયલા નામના ડુંગર પર માતા હરસિધ્ધી વિરાજમાન છે. કૌરવ-પાંડવ સમયે ભગવાન શ્રીકૃષ્ણે અસુરો અને જરાસંધ પર વિજય પ્રાપ્ત કરવા માટે આ દેવીની આરાધના કરી હતી, અને દ્વારકામાં વસ્યા પછી પણ તેઓ હર્ષદ માતાની આરાધના કરતા હતા. આથી જ યાદવોના કુળદેવી તરીકે મા હરસિદ્ધિ જાણીતા છે.

ઉપરાંત એક એવી ઐતિહાસિક માન્યતા કે લોકવાયકા મુજબ, કચ્છના જૈન વેપારી શેઠ જગડુશા વેપારીના વહાણોનો કાફલો દરિયાઈ તોફાનમાં ફસાયો, ત્યારે તેમણે મા હરસિદ્ધિનું સ્મરણ કર્યું હતું,અને માતાએ શેઠની પરીક્ષા કરી હતી કે પુત્ર પરિવારનું બલિદાન આપે તો તારું વહાણ બચાવું, અને શેઠ જગડુશા કબુલ થયા એ સાથે તોફાનમાં ચડેલો કાફલો,અહીં કોયલા ડુંગરના કાંઠે આવી ચડ્યો હતો. માતાની કૃપાથી શેઠ જગડુશાએ આશરે ઈસ.૧૩૦૦ માં હાલના મંદિરનું નિર્માણ કર્યું હતું.

આ ઉપરાંત એક અન્ય પૌરાણિક કથા પણ આ મંદિર સાથે જોડાયેલી છે. એકવાર નવરાત્રીના પવિત્ર તહેવાર દરમિયાન પ્રભાતસેનની સાત પત્નીઓ ગરબા રમતી હતી. તેથી, કોયલા ડુંગરમાંથી જગદંબા માતાજી પણ દાગીના અને સુંદર કપડાં પણ પહેરી નીચે ઉતર્યા હતા, અને એક સુંદર સ્ત્રીનાં રુપે એમણે ત્યાં રાસ ગરબા રમ્યા હતાં. મહેલમાં થતો આ ઉત્સવ જોવા રાજા પ્રભાતસેને આવ્યાં, એમણે આ સુંદર સ્ત્રીને ગરબા રમતાં જોઈ તેમ જ તેને તેની આ જ્યોતિનું આકર્ષણ થયું! તેનામાં દુષ્ટ જુસ્સો આવી ગયો, એટલે કે નિયત ખરાબ થઈ. તેથી મોડી રાત્રે, જ્યારે માતાજીએ ટેકરી પર પાછા જવું શરૂ કર્યું, ત્યારે તેણે તેનું અનુકરણ કરવાનું શરૂ કર્યું. આ જોઈને માતાજી ગુસ્સે થઈ ગયાં અને તેને શ્રાપ આપતાં કહ્યું કે તારે દરરોજ મંદિરમાં જીવંત થવા માટે આવવું પડશે. તેથી દરરોજ, રાજાને આગ ખાડામાં જીવતા થવા માટે મંદિરમાં જવું પડ્યું. બીજે દિવસે તેણી તેને જીવંત બનાવશે અને તેને તેના મહેલમાં પાછો મોકલશે. આ દૈનિક શ્રાપ રાજા પ્રભાતસેનના સ્વાસ્થ્ય પર ઘેરી અસર કરતો બની ગયો હતો, અને તે ખૂબ જ નબળા અને પાતળા બન્યા હતા. તે સમય દરમિયાન મહાન રાજા, વીર વિક્રમાદિત્ય જે એમનાં માતૃ પિતરાઈ થાય, એ દ્વારકાના તીર્થયાત્રા પર આવ્યા, અને તેમના મહેમાન બન્યા. તેમના પિતરાઈની સ્થિતિ જોઈને, રાજા વીર વિક્રમાદિત્યએ તબિયત ખરાબ થવાનું કારણ પૂછ્યું, અને તેમને શ્રાપની આ વાર્તા કહેવામાં આવી. તેથી મહાન રાજા વિક્રમાદિત્યએ નિર્ણય લીધો, અને રાજા પ્રભાતસેનની જગ્યા લીધી, અને તેના પિતરાઈના શ્રાપને પૂર્ણ કરવા માટે ગયો. પ્રેમ અને હિંમત બતાવતા માતાજીને ખુશી થઈ, તેથી તેણે તેમને વરદાન આપ્યા. રાજા વિક્રમે બે વરદાન માંગ્યા.

૧. શ્રાપથી તેના પિતરાઈને મુક્ત કરવા અને

૨. તેમના રાજ્ય માલવાણની રાજધાની ઉજ્જૈનના મહેમાન બનવા માટે.

તો આ છે માતા હરસિધ્ધીની ઉત્પત્તિની વાત, તેમજ તેના સ્થાન સાથે જોડાયેલી લોકવાયકા. આપણે એ લોકવાયકા કે દંતકથામાંના જઈએ. માતા આદ્ય શક્તિના રૂપને સ્વરૂપની વાતો નિરાળી છે.કોઈ વાર કઠણ લાગે તો કોઈ વાર કોમળ દેખાય, પરંતુ અંતે તે માતા છે, એટલે સંતાન માટે તે બધું જ કરી છૂટે. સાક્ષાત માતા હરસિધ્ધિ દરેક સંસારીને હરેક સિદ્ધિના સોપાન ચડાવી, અને તેમની મનો કામના પૂર્ણ કરે છે, પણ આપણે છીએ કે એણે જે આપ્યું છે એની તરફ આપણું ધ્યાન ઓછું જાય છે અને આમ તો સિદ્ધિ ની માંગ ને બહાને આપણે ઈચ્છા લઈ એનાં ચરણે જઈએ છીએ! પણ સિદ્ધિ એમનેમ ન મળે એની માટે પુરુષાર્થ કરવો પડે અને એ પણ કાર્તિકેય જેવો સર્વ મંગલ નો! આપણે પણ એ રીતે લોક મંગલનું કાર્ય કરીશું એવો ભરોસો મા હરસિદ્ધને અપાવીએ, જય અંબે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

લાખેણુ બાઈક જામનગર રહેતાં મિત્રને ફેરવવા આપ્યું પણ તેણે પરત આપ્યું ત્યારે આર.સી. બૂક ખોવાઈ ગયાનું કહેલું

ઓગણીસ લાખનું બાઈક RTOમાં બીજાના નામે!

રેલગનરના જમીન મકાનના ધંધાર્થીને આરટીઓ એજન્ટ મિત્રએ બાઇક વેંચી નાંખ્યાનું પુછતાં તપાસ કરતાં શીવપરાના શખ્સના નામે બોલતું હતુંઃ ટીટીઓ ફોર્મમાં બોગસ સહી, ઓટીપી માટે ફોન નંબર પણ બદલી નાંખ્યા: આરટીઓ એજન્ટ-કર્મચારીની પણ સંડોવણીની શંકાએ પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા તપાસ

રાજકોટ, તા.૧૪

અલગ અલગ પ્રકારની છેતરપીંડીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. વધુ એક ચોંકાવનારી અને તપાસ માંગી લેતી આવી ઘટના સામે આવી છે. જેમાં શહેરના રેલનગર વિસ્તારમાં રહેતા અને જમીન-મકાન લે-વેચનો વ્યવસાય કરતા યુવક સાથે ઠગાઇ કરવામાં આવી છે. આ યુવાનના ઓગણીસ લાખની કિંમતની સુઝુકી હાઇબુસા સુપરબાઇકની અસલ આર.સી. બૂક યુવાનના જામનગર રહેતાં મિત્રની પાસેથી ખોવાઇ જતાં આ આર.સી. બૂક રૈયા રોડ શીવપરાના શખ્સે કોઇપણ રીતે મેળવી, ટી.ટી.ઓ. ફોર્મ પર બોગસ સહી કરી અને આર.ટી.ઓ. રેકોર્ડમાં પોતાનો મોબાઇલ નંબર અપડેટ કરી બાઇક પોતાના નામે ટ્રાન્સફર કરાવી લેતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

વિગતો જોઇએ તો આરટીઓમાં ટીટીઓ ફોર્મમાં બાઇક માલિકની ખોટી સહિ કરવામાં આવી હતી, તેમજ મોબાઇલ નંબર પણ બારોબાર બદલી તેમાં ઓટીપી મેળવી આ કારસ્તાન આચરાયું હતું. હાલ લાખોનું બાઇક જમીન મકાનના ધંધાર્થી યુવાનના કબ્જામાં છે, પણ આરટીઓમાં તેની માલિકી રૈયા રોડ શીવપરાના શખ્સના નામે બોલી રહી છે! આ કારસ્તાનમાં પ્ર.નગર પોલીસે રેલનગર સાધુ વાસવાણી કુંજ રોડ સ્ટગાર રેસીડેન્સી બંગલો નં. ૨માં રહેતાં જમીન-મકાન લે-વેંચના ધંધાર્થી સાડત્રીસ વર્ષના યુવરાજસિંહ દિલુભા રાઠોડની ફરિયાદ પરથી રૈયા રોડ હનુમાન મઢી નજીક શીવપરામાં રહેતાં રવિરાજસિંહ ભરતસિંહ ઝાલા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો.

વધુ માહિતી અનુસાર યુવરાજસિંહ પરિવાર સાથે રહે છે. ફરિયાદમાં જણાવાયા મુજબ યુવરાજસિંહ રાઠોડે ફેબ્રુઆરી ૨૦૨૬માં સુરતના ધર્મરાજ સુઝુકી શો-રૂમમાંથી રૂ. ૧૯,૦૦,૦૦૦ની ઓન-રોડ કિંમતનું સુઝુકી હાઇબુસા બાઇક ખરીદ કર્યું હતું. ત્યારબાદ વાહન માટે પસંદગીનો વી.આઈ.પી. નંબર મેળવવા માટે રાજકોટ આર.ટી.ઓ.



કચેરી ખાતે રૂ. ૮,૦૦૦ ભરી એન્ટ્રી મેળવી હતી. ઓનલાઇન હરાજીમાં તેમણે રૂ. ૨,૦૮,૦૦૦ની બોલી લગાવીને જીજે૦૩ક્યુએ-૦૦૦૯ પસંદગીનો નંબર મેળવ્યો હતો. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ તેમના નામે અસલ આર.સી. બૂક પણ આવી ગઈ હતી. ત્યારબાદ ગત ૧૫ જૂન ૨૦૨૬ના રોજ યુવરાજસિંહના મોરબી ખાતે રહેતા મિત્ર અમિતભાઈ દેવાભાઈ આવડીયાએ મિત્રતાના દાવે હાઇબુસા બાઇક વાપરવા માટે માંગતા અસલ આર.સી. બૂક સાથે બાઇક આપવામાં આવ્યું હતું.

આ પછી આઠમી સપ્ટેમ્બરના રોજ બાઇકમાં ટેકનિકલ એરર આવતા બાઇક પરત રાજકોટ લાવવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે યુવરાજસિંહે અસલ આર.સી. બૂક માગી ત્યારે અમિતભાઈએ જણાવ્યું કે આર.સી. બૂક ક્યાંક મૂકાઈ ગઈ છે અથવા ખોવાઈ ગઈ છે. આ પછી ૧૪ સપ્ટેમ્બરના રોજ કંપનીના ટેકનિશિયને આવીને રૂ. ૫,૦૦૦ના ચાર્જમાં બાઇક રિપેર કરી આપ્યું હતું, પરંતુ આર.સી. બૂક મળી નહોતી. આ પછી ઓગણીસમી સપ્ટેમ્બરના રોજ યુવરાજસિંહના મિત્ર અવા આર.ટી.ઓ. એજન્ટ ગુંજનભાઈ મકવાણાએ યુવરાજસિંહને મેસેજ કરી પુછ્યું હતું કે-તમે તમારું હાઇબુસા બાઇક વેચી નાખ્યું છે? ત્યારે યુવરાજસિંહે પોતાનું બાઇક કોઇને વેંચ્યું નથી તેમ કહ્યું હતું.

ત્યારબાદ તેમણે એમ-પરિવહન એપ પર બાઇકની વિગતો નાંખી ચેક કરતાં આ બાઇક કોઇ બીજાના નામે થઇ ગયાની ખબર પડતાં તે ચોંકી ગયા હતાં. વધુ તપાસ કરાવતા બહાર આવ્યું કે ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બાઇક રવિરાજસિંહ ભરતસિંહ ઝાલા (રહે. શિવપરા-૦૩, રૈયા રોડ, રાજકોટ)ના નામે ટ્રાન્સફર થઈ ગયું છે. આર.ટી.ઓ. કચેરીમાંથી ટ્રાન્સફર સંબંધિત ઓનલાઇન દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવતા મોટું ષડયંત્ર સામે આવ્યું હતું. ટી.ટી.ઓ. ફોર્મ પર બોગસ સહીં ઓનલાઇન અપલોડ કરાયેલા ટી.ટી.ઓ. ફોર્મમાં વેચનાર તરીકે યુવરાજસિંહની બોગસ-ખોટી સહી કરવામાં આવી હતી. આર.ટી.ઓ.માં વાહન ટ્રાન્સફર કરતી વખતે માલિકના મોબાઇલમાં ઓટીપી જતો હોય છે.

પરંતુ આરોપી રવિરાજસિંહ ઝાલાએ ફરિયાદી યુવરાજસિંહના મોબાઇલ નંબરની જગ્યાએ પોતાનો મોબાઇલ નંબર ૯૭૪૯૮ ૫૫૫૫૫ ગેરકાયદેસર રીતે અપડેટ કરાવી દીધો હતો અને ટ્રાન્સફરનો ઓટપી પોતાના જ મોબાઇલમાં મેળવી લીધો હતો. આ ઉપરાંત ફરિયાદી યુવરાજસિંહના આધારકાર્ડ અને પોતાની પાસે આવેલી અસલ આર.સી. બુકનો દુરૂપયોગ કરી વાહન નામ ટ્રાન્સફર કરાવી લીધું હતું. આ રીતે ફ્રોડ કરવામાં આવ્યા પછી રૂ. ૧૯ લાખની કિંમતનું સુપરબાઇક હાલ ફરિયાદી યુવરાજસિંહ પાસે જ છે. પરંતુ આર.ટી.ઓ.ના ચોપડે આ વાહનના માલિકનું નામ બીજાનું બતાવે છે.

પોતાની માલિકીનું વાહન ખોટાં દસ્તાવેજો અને બોગસ સહીઓ ભી કરી પોતાના નામે કરી લેનાર રવિરાજસિંહ ભરતસિંહ ઝાલા તથા તેને મદદ કરનારા સામે પ્રદ્યુમનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એમ. ડી. મકવાણાના માર્ગદર્શનમાં હેડકોન્સ. કે. પી. ગોહિલે ગુનો દાખલ કર્યો હતો. વધુ તપાસ પીએસઆઇ એસ. ડી. કોઠીવારે હાથ ધરી છે. આરોપી હાથમાં આવ્યા બાદ આ કૌભાંડમાં આરટીઓના પણ કોઇ સામેલ છે કે કેમ? તે સહિતની તપાસ કરવામાં આવશે.

બેડી યાર્ડમાં પાનવાળો દારૂ સાથે પકડાયો

અલગ અલગ પોલીસની ટીમોએ છ દરોડામાં સાતને પકડી લીધા

રાજકોટ તા. ૧૪

શહેરમાં અલગ અલગ સ્થળોએ પોલીસે દારૂના દરોડા પાડ્યા હતાં. જેમાં સાત દરોડામાં છ શખસો ઝડપાઇગયા હતાં. એક સ્થળે એટલે કે બેડી યાર્ડની અંદર પાન ફાકી બીડી સિગારેટની સાથે સાથે દારૂ પણ વેંચાતો હતો.

વિગતો જોઇએ તો કુવાડવા રોડ પોલીસે દરોડો પાડી દુધસાગર રોડ પર રહેતા પાનની દુકાન ચલાવતા શખ્સને દારૂ-બીયરના જથ્થા સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. કુવાડવા રોડ પોલીસના એએસઆઇ કે.વી.જાડેજા, કોન્સ. ભાવેશભાઇ મકવાણા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બેડી યાર્ડની અંદર દિપ પાન નામે દુકાન ચલાવતા કુલદીપ ઉમેદઅલી પંજવાણી (રહે. રબાની કોમ્પલેક્ષ, સીદીકી મસ્જીદ પાસે, દુધાસાગર રોડ)એ તેની દુકાનમાં દારૂનો જથ્થો રાખેલ હોવાની બાતમીના આધારે દરોડો પાડી તેને રૂા. પરપટની કિંમતના દારૂના વ્હીસ્કીના ૨૫ ચપલા અને ૭ બીયરના ટીન સાથે ઝડપી લીધો હતો.

બીજા દરોડામાં યુનિવર્સિટી પોલીસના પીએસઆઇ એસ.એન. થોરા, કોન્સ.દિવ્યરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે સરીતા વિહાર મેઇન રોડથી પ્રેમમંદિર ચોક તરફ જતા રસ્તે પોસ્ટ ઓફિસ પાસેથી કાનજી ઉર્ફે કાનો લાલજીભાઇ બાબરીયા (ઉ.વ.૩૭ રહે. આંબેડકરનગર, નાનામવા મેઇન રોડ)ને રૂા.૧૭૨૮૦ની કિંમતના દારૂના ૯૬ ચપલા સાથે ઝડપી લીધો હતો. ત્રીજા દરોડામાં પીસીબીના પીઆઇ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં હેડ કોન્સ. યુવરાજસિંહ ઘનશ્યામસિંહ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા કોન્સ. યુવરાજસિંહ રાણા સહીતના સ્ટાફ જામનગર રોડ પર સ્લમ કવાર્ટર પાસેથી પરવેઝ ઉર્ફે મોસીન ઓસમાણભાઇ બાંભણીયા (ઉ.વ.૩૧ રહે. ધરમ સીનેમા સામે, વલી શેડનો ડેલો)ને રૂા. ૨૨,૫૩૦ની દારૂની ૫૩ બોટલ સાથે પકડી લીધો હતો.

જ્યારે ચોથા દરોડામાં એલસીબી ઝોન-૧ની ટીમના એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હેડકોન્સ. વિરદેવસિંહ જાડેજા, કોન્સ. મહાવીરસિંહ ચુડાસમા સહિતના સ્ટાફે પારેવડી ચોક નજીકથી પ્રતાપ પૃથ્વીસિંહ સોલંકી (રહે.ઢેબર કોલોની કવાટર)ને રૂા.૨૪ હજારના દારૂના ૯૬ ચપલા સાથે ઝડપી લીધો હતો. પાંચમાં દરોડામાં રાજકોટ રેલ્વે સ્ટેશન પર પ્લેટફોર્મ નં.૧ ઉપર પેટ્રોલીંગ સમયે રેલવે પોલીસમાં પીએસઆઇ કે.યુ. વાળા, કોન્સ. જીતેન્દ્રસિંહ, નિલેશભાઇ અને કુલદીપસિંહ સહિતના સ્ટાફે સૌરાષ્ટ્ર એકસપ્રેસ ટ્રેનમાંથી ઉતરેલા સંજય ચનાભાઇ વસોયા (રહે.તરવડા, તા. જામકંડોરણા)ને રૂા.૭૦૯૮ ની દારૂની ચાર બોટલ સાથે ઝડપી લીધો હતો.

છઠ્ઠા દરોડામાં તાલુકા પોલીસના એએસઆઇ જે.વાય ગોહીલ, કોન્સ. અજયસિંહ જાડેજા સહિતના સ્ટાફે મવડી બાયપાસ પાસેથી જંકિત રમેશભાઇ આરદેશણા (રહે.આદિત્ય ૯૭ સોસાયટી, ઇસ્કોન મંદિર પાછળ, કાલાવડ રોડ)ને દારૂના બે ચપલા સાથે પકડી લીધો હતો અને સાતમા દરોડામાં આજીડેમ પોલીસના પીએસઆઇ વી.જી. ડોડીયા, હેડકોન્સ. હરપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફે કોઠારીયામાં ૨૫ વારીયામાં રહેતા ગુલાબબા પ્રદીપસિંહ ચુડાસમાના મકાનમાંથી પાંચ લીટર દેશી દારૂ અને દારૂની ૪ બોટલ કબ્જે કરી હતી. જો કે આરોપી હાજર ન હોઇ શોધખોળ યથાવત રાખી હતી.

ગયા મહિને જ નોકરી પર રખાયો હતોઃ શરૂઆતમાં ઇમાનદારીથી કામ કર્યું પછી 'કામ બતાવ્યું'

ગ્રાહકોના ૧૨ાા લાખના પાર્સલ ડિલીવરી બોય ખાઈ ગયો

મુંજકાના ફ્લિપકાર્ટ ગોડાઉનથી સો પાર્સલો મેળવી છ ગ્રાહકોને પહોંચાડ્યાઃ બાકીના છન્નુ પાર્સલ સાથે ભાગી ગયો

રાજકોટ તા. ૧૪

ઘણીવાર અલગ અલગ પેઢી કંપની કે સંસ્થા સાથે તેના જ કર્મચારીઓ ફ્રોડ આચરતા હોય છે. દરમિયાન શહેરના મુંજકા ગામ ખાતે આવેલી લિપકાર્ટ શાખામાંથી ડિલિવરી બોય તરીકે નોકરી કરતો યુવાન ગ્રાહકોને ડિલીવરી આપવા માટેના એકસો નંગ પાર્સલો લઇ જઇ તેમાંથી છ પાર્સલ જે તે ગ્રાહકને પહોંચાડ્યા બાદ બાકીના રૂા. સાડા બાર લાખના પાર્સલો લઇ ગાયબ થઇ જતાં આ અંગે પોલીસે ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે મુળ મહેસાણાના જોટાણા તાબેના વિરસોડા ગામના પચ્ચીસ વર્ષના લલીતભાઇ ઇશ્વરભાઇ પરમાર નામના યુવાનની ફરિયાદ પરથી રાજકોટના મિહીર રમેશભાઇ વાઘેલા વિરૂધ્ધ ઠગાઇનો ગુનો દાખલ કર્યો છે. લલિતભાઇ પરિવારમાં માતા સાથે રહે છે અને નવેક મહિનાથી રેપીડ ડ્રોપ નેકસ્ટ ડીસ્ટ્રીબ્યુટર પ્રાઇવેટ લિમીટેડ કંપનીમાં એચઆર રીક્યુટર ગુજરાત તરીકે ફરજ બજાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે તેમની કંપની લિપકાર્ટ, ડોમિનોઝ અન બ્લિંકીટ જેવી કંપનીઓમાં ડિલિવરી બોય પુરા પાડવાનું કામ કરે છે.

તેમણે ગત સાતમી સપ્ટેમ્બરના રોજ મિહિર



રમેશભાઇ વાઘેલાને રાજકોટના મુંજકા ગામ ખાતે આવેલી સત્યાશા એલ.ડી.પી. લિપકાર્ટ શાખામાં જયવીરસિંહ રાણા પાસે ડિલિવરી બોય તરીકે નોકરી પર રખાવ્યો હતો. દરમિયાન ગત અગીયારમી ઓક્ટોબરના રોજ બપોરના આશરે બારથી સવાબાર વચ્ચે મિહિર વાઘેલા મુંજકા લિપકાર્ટ શાખા ખાતેથી ગ્રાહકોને પહોંચાડવા માટે સો નંગ જેટલા અલગ-અલગ પાર્સલ કુલ કિંમત રૂ. ૧૨,૫૬,૫૭૪.૬૫ની કિંમતના લઈને નીકળ્યો હતો. સાંજના આશરે સાડા ચાર વાગ્યે કંપનીના વોટ્સએપ ગ્રુપમાં લિપકાર્ટના સિનિયર પાર્ટનર કાર્તિકભાઈએ મેસેજ મુકીને જાણ કરી હતી કે મિહિર વાઘેલા પાર્સલ લઈને ગયા બાદ તેનો મોબાઈલ ફોન સ્વિચ ઓફ આવી રહ્યો છે.

આ બાબતે કંપનીના ડાયરેક્ટર શિવમભાઈ ત્રિવેદીને પણ તુરંત માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તપાસ કરતાં સાંજના સમયે લિપકાર્ટમાંથી આવેલા દૈનિક રિપોર્ટની ચકાસણી કરતા ખબર પડી હતી કે મિહિર વાઘેલાએ કુલ ૧૦૦ પાર્સલમાંથી માત્ર ૬ પાર્સલ કિંમત રૂ. ૩,૫૪૫ની સફળતાપૂર્વક ડિલિવરી કરી હતી. બાકીના ૯૪ પાર્સલ કુલ કિંમત રૂ. ૧૨,૫૩,૦૨૯ગ્રાહકોને આપવાના બાકી હતા અને તે તમામ પાર્સલો તે પોતાની સાથે લઈ ગયો હતો. ઘટના બાદ બારમી તારીખે ફરિયાદી લલિતભાઈ પરમાર જાતે મહેસાણાથી રાજકોટ મુંજકા લિપકાર્ટ શાખા ખાતે દોડી આવ્યા હતા. શાખા ખાતે અને તેની સંભવિત જગ્યાઓએ તપાસ કરવા છતાં મિહિર વાઘેલાનો કોઈ પતો લાગ્યો નહોતો.

પોતાની નોકરી દરમિયાન ગ્રાહકોના કિંમતી સામાન અને પાર્સલો પર દાનત બગાડી રૂા. ૧૨,૫૩,૦૨૯.૬૫ની મત્તાના ૯૪ પાર્સલોની ચોરી કરી ભાગી જનાર આરોપી મિહિર વાઘેલા વિરૂધ્ધ લલિતભાઈ પરમારે ધોરણસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપી ડિલિવરી બોયને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. યુનિવર્સિટી પોલીસ ઇન્સપેકટર કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં એએસઆઇ એમ. પી. ચરમટાએ ગુનો નોંધતા પીએસઆઇ એચ. એમ. ચાવડાએ વધુ તપાસ હાથ ધરી હતી. લાખોના પાર્સલો સાથે ભાગેલા ડીલીવરીબોયને શોધવા પોલીસ કામે લાગી હતી.

એક વર્ષના દિકરા અને સતાવન વર્ષના માતાને કારમાં બેસાડી શિક્ષીકા ગઢડા જતાં હતાં

કાર ગોથું મારી જતાં રાજકોટના વૃધ્ધાનું મોત

અન્ય અપમૃત્યુના બનાવમાં માતા-પુત્રના ઘરમાં જ બેભાન થઇ ગયા બાદ મૃત્યુઃ એક ખેડૂતનનો જીવ દિલની દગાખોરીથી ગયો

રાજકોટ, તા.૧૪

વાહન અકસ્માતની રોજબરોજ બની રહેલી ઘટનાઓમાં વધુ એક વખત એક પરિવારના સદસ્યનું મૃત્યુ થયું છે. રાજકોટ રહેતાં મહિલા દિકરી-દોહિત્ર સાથે કારમાં બેસી રાજકોટથી ગઢડા તરફ જતાં હતાં ત્યારે શિક્ષીકા દિકરી કાર ચલાવી રહી હતી. આટકોટ નજીક કાર પહોંચી ત્યારે કોઇ વાહન વચ્ચે આવતાં કાર ગોથુ મારી જતાં આ અકસ્માત સર્જાયો હતો. બીજી અપમૃત્યુની ઘટનામાં એક ખેડુત વૃધ્ધનું દિલની દગાખોરીથી મૃત્યુ થયું હતું. જ્યારે રેલનગરમાં રહેતાં વૃધ્ધા અને તેના આધેડ વયના દિકરાના ઘરમા જ બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયા હતાં.

પ્રથમ જીવલેણ અકસ્માતની ઘટનાની વિગતો જોઇએ આટકોટ નજીક બળધોઇના પાટીયા પાસે ગઢડા પ્રાથમિક શાળાના શિક્ષીકાની કાર પલ્ટી મારી જતાં તેની સાથે કારમાં રહેતાં તેણીના એક વર્ષના દિકરા અને રાજકોટ રહેતાં તેણીના માતાને ઇજાઓ થઇ હતી. જેમાં માતાનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. રૈયા રોડ રૈયા ચોકડી અમૃતા હોસ્પિટલ પાછળ યોગીનગર-૫માં રૂદ્રાક્ષ નામના મકાનમાં રહેતાં સતાવન વર્ષના ભાર્ગવીબેન સુધીરભાઇ જોષી જસદણના ગઢડા ગામે રહેતી અને ત્યાં પ્રાથમિક શાળામાં શિક્ષીકા તરીકે ફરજ બજાવતી દિકરી શ્વેતાબેન અંબરીશભાઇ દવેની સાથે તેણીની કારમાં બેસીને ગઢડા જવા નીકળ્યા હતાં.

શ્વેતાબેન સાથે કારમાં માતા ભાર્ગવીબેન તેમજ તેણીનો એક વર્ષનો દિકરો મૈત્રીય પણ હતાં. શ્વેતાબેન કાર ડ્રાઇવ કરી રહ્યા હતાં. એ દરમિયાન આટકોટ નજીક બળધોઇના પાટીયા પાસે પહોંચતા ખેતરમાંથી અચાનક ટુવ્હીલર આવતાં તેને બચાવવાના પ્રયાસમાં કાર પલ્ટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. બનાવને પગલે લોકો એકઠા થઇ ગયા હતાં અને કારમાંથી શ્વેતાબેન, તેમના માતા ભાર્ગવીબેન, દિકરા મૈત્રીયને ઇજાઓ થઇ હતી. શ્વેતાબેનનો બચાવ થયો હતો. નાની-દોહિત્રને સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ નાની ભાર્ગવીબેન જોષીએ સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. બનાવની જાણ થતાં આટકોટ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી અને મૃતદેહનું રાજકોટ ખાતે





પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર ભાર્ગવીબેન જોષીના પતિ સુધીરભાઇ જોષી કોટક કોલેજના નિવૃત પ્રોફેસર છે. દિકરી શ્વેતાબેનની નોકરી ગઢડા ખાતે હોઇ અને ત્યાં જ રહેતાં હોઇ તેણીના માતા ભાર્ગવીબેન દોહિત્રની સારસંભાળ માટે દિકરી શ્વેતાબેન સાથે ગઢડા જ રહેતાં હતાં. રાજકોટથી ગઢડા જતી વખતે બળધોઇના પાટીયે આ બનાવ બન્યો હતો.

અપમૃત્યુની બીજી ઘટના જોઇએ તો હૃદય રોગના હુમલાથી વધુ એક મૃત્યુ થયું છે. પડધરીના ખાખડાબેલા ગામે રહેતાં ખેડૂતને છાતીમાં દુઃખાવો ઉપડતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ખાખડાબેલા ગામે રહેતાં ત્રેસઠ વર્ષના મંગલભાઇ અરજણભાઇ ભંડેરીની તબીયત બગડતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ચાર બહેન અને બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. પોલીસે ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ત્રીજી કરૂણ ઘટના જોઇએ તો રેલનગરમાં વયોવૃધ્ધ માતા અને આધેડ વયના પુત્રના ઘરમાં બિમારીને કારણે બેભાન થઇ ગયા બાદ એક જ દિવસે મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ છે. જેમાં માતા બિમાર હોઇ લાંબા સમયથી પથારીવશ હતાં. દિકરાને ગેંગરીંગ થયું હોઇ તે પણ બિમાર રહેતાં હતાં. તેનું ત્રણેક દિવસ પહેલા મૃત્યુ થઇ ગયુ હતું. આ કારણે લાશ કોહવાઇ ગઇ હતી.

અડોશી પડોશીને દૂર્ગંધ આવતાં ઘટનાની જાણ થઇ હતી. રેલનગર જોડેજા ચોકમાં પોસ્ટ ઓફિસ પાસે રહેતાં સિત્તેર વર્ષના મનહરબા ભરતસિંહ ગોહિલ અને તેના દિકરા પિસ્તાલીસ વર્ષના રણજીતસિંહ ભરતસિંહ ગોહિલ ગઇકાલે ઘરમાંથી બેભાન મળતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ રણજીતસિંહને તબિબે મૃત જાહેર કર્યા હતાં. તેમનો મૃતદેહ કોહવાઇ ગયો હતો. બીજી તરફ સારવાર દરમિયાન માતા મનહરબા ગોહિલનું પણ મૃત્યુ થયું હતું. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ મનહરબા ગોહિલ અને તેમના દિકરા રણજીતસિંહ ગોહિલ અહિ એકલા રહેતાં હતાં. મનહરબા બિમાર હોઇ પથારીવશ હતાં. દિકરા રણજીતસિંહને પણ ગેંગરીન થયું હોઇ તે પણ બિમાર હતાં. બે ત્રણ દિવસ પહેલા રણજીતસિંહનું બિમારીને કારણે અવસાન થઇ ગયું હતું. જેનાથી વૃધ્ધ પથારીવશ માતા અજાણ હોઇ રણજીતસિંહનો દેહ કોહવાઇ ગયો હતો. ગઇકાલે દૂર્ગંધ આવતાં પડોશીઓએ તપાસ કરતાં મા-દિકરો બંને બેભાન મળ્યા બાદ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ દિકરાને મૃત જાહેર કરાયા બાદ માતાએ પણ દમ તોડી દીધો હતો. બનાવથી વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આમ ત્રણ અલગ અલગ ઘટનામાં ચાર લોકોની જિંદગી ખતમ થઇ ગઇ હતી.

લવ સેક્સ ઔર ધોખાઃ વધુ એક સગીરાનું થઇ ગયું શારીરિક શોષણ

દૂષ્કર્મનો ખેલઃ વિડીયો-ફોટાથી બ્લેકમેઈલીંગ

બે વર્ષ સુધી હવસખોરી આચરનારા શખ્સ સામે અંતે સગીરાની પોલીસ ફરિયાદઃ બીજી ઘટનામાં પુર્વ પ્રેમીનું બીજે સગપણ થતાં યુવતિએ પ્રેમીની મંગતેર અને તેની માતાના બિભત્સ ફોટા બનાવી વાયરલ કરી દીધાઃ દિલભગ્ન પ્રેમિકાની પોલીસે કરી ધરપકડ

રાજકોટ, તા.૧૪

રાજકોટફ સગીરાઓ, યુવતિઓને કોઇપણ રીતે ફસાવી લઇ દૂષ્કર્મ આચરી બાદમાં તરછોડી દેવાના બનાવો અવાર-નવાર બનતા રહે છે. લવ સેક્સ ઔર ધોખાનો ભોગ બનનાર અનેક સગીરાઓ, યુવતિઓ, મહિલાઓની જિંદગી દોજખ બની ગયાના કિસ્સા અગાઉ પણ પોલીસ સુધી પહોંચ્યા હતા. વધુ એક સગીરાને લેભાગુએ પ્રેમની જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દેહ પીંખી લીધો હતો. તેમજ આ વખતે ફોટા વિડીયો પાડી લઇ તેના આધારે બ્લેકમેઇલીંગ ચાલુ કર્યુ હતું. બે વર્ષ સુધી શોષણ સહન કર્યા બાદ સગીરાએ પોલીસને જાણ કરી હતી. બીજી ઘટનામાં પુર્વ બોયફ્રેન્ડની બીજી યુવતિ સાથે સગાઇ થઇ જતાં એક યુવતિએ પુર્વ બોયફ્રેન્ડની મંગેતર અને તેની માતાના એઆઇથી અશ્લીલ ફોટો બનાવી વાયરલ કરી દીધા હતાં.

પ્રથમ દૂષ્કર્મની ઘટના જોઇએ તો અમરેલીના દામનગરમાં રહેતી સગીર યુવતી સાથે દુષ્કર્મ આચરવા અને તેને ધમકી આપવાના મામલે સીતારામ નગરમાં રહેતા એક યુવક સામે ફરિયાદ નોંધાતા તપાસ શરૂ થઇ હતી.. સતત બે વર્ષથી વીડિયો ફોટા વાયરલ કરવાની ધમકી આપી અવાર નવાર લગ્નની લાલચ આપી દુષ્કર્મ કર્યાનો બનાવ સામે આવ્યો હતો. પોલીસે કહ્યું કે લાઠીના દામનગરમાં રહેતી સત્તર વર્ષની સગીર યુવતીને સીતારામ નગર વિસ્તારમાં રહેતા મલીન્દર ઉર્ફે મલી કરણસિંહ રાજપૂતે લગ્ન કરવાની લાલચ આપી આશરે બે વર્ષના સમયગાળા દરમિયાન સગીરા સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું .



આ વખતે આ શખ્સે સગીરાના ફોટા અને વીડિયો વાયરલ કરવાની તેમજ મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ દામનગરના સીતારામનગર વિસ્તારમાં ભોગ બનનારના રહેણાંક મકાન તથા શખ્સના રહેણાંકની બાજુમાં આવેલા ખાલી મકાનમાં બન્યો હતો. આ મામલે સગીર યુવતીની ફરિયાદના આધારે દામનગર પોલીસે મલીન્દર ઉર્ફે મલી કરણસીંહ રાજપુત ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી એક ઘટના જોઇએ તો સુરતમાં એક યુવતીએ પોતાના પુર્વ પ્રેમીનું સગપણ અન્ય યુવતી સાથે નક્કી થવાની ઈર્ષ્યા અને અદાવતમાં આવીને ગંભીર ગુનો આચર્યો હતો. આરોપી મહિલા ભૂમિકા ધર્મેશભાઈ ધુલિયા અગાઉ જે યુવક સાથે પ્રેમસંબંધમાં હતી, તે જ યુવકની સગાઈ અન્ય યુવતી સાથે થઈ જતાં તે માનસિક રીતે સ્વીકારી શકી ન હતી. પોતાના તૂટેલા પ્રેમનો બદલો લેવા, આ નવું સગપણ તોડાવવા અને ફરિયાદી યુવતી તેમજ તેના પરિવારને સમાજમાં બદનામ કરવાના ઈરાદે તેણે પૂર્વ પ્રેમીની મંગેતર અને તેની માતાના એઆઈથી બનાવેલા અશ્લીલ ફોટા વાયરલ કર્યાં હતા. પૂર્વ પ્રેમી પ્રત્યેનો આક્રોશ અને અદેખાઈ જ આ આખા ગુનાનું મુખ્ય કારણ બન્યા હતા. બદલો લેવાની આ અંધ ઘેલછામાં ભૂમિકાએ એઆઇનો દુરુપયોગ કર્યો હતો.

તેણે ફરિયાદી યુવતી અને તેની માતાના સામાન્ય ફોટો મેળવીને એઆઇ ટૂલ્સ દ્વારા તેમના આપત્તિજનક ન્યૂડ ફોટા અને વીડિયો જનરેટ કર્યા હતા. ત્યારબાદ આરોપીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર અલગ-અલગ નકલી આઈડી ભા કર્યા હતા. પોતાની ઓળખ છુપાવીને આ ફેક પ્રોફાઈલ્સ પરથી તેણે બંને પીડિતાના અશ્લીલ ફોટો અને વીડિયો અપલોડ કરી વાયરલ કરવાનું શરૂ કર્યું, જેથી સંબંધમાં તિરાડ પડે અને પરિવારની સામાજિક પ્રતિષ્ઠા ધૂળધાણી થઈ જાય.સોશિયલ મીડિયા પર પોતાની અને માતાની અશ્લીલ સામગ્રી ફરતી થતાં ફરિયાદી યુવતી અને તેનો પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો.

બદનામી અને માનસિક ત્રાસનો સામનો કરી રહેલી યુવતીએ હિંમત દાખવીને સુરતના ડિંડોલી પોલીસ સ્ટેશનમાં સમગ્ર હકીકત જણાવી ગુનો દાખલ કરાવ્યો હતો. ડિંડોલી પોલીસે મામલાની ગંભીરતા પારખીને તાત્કાલિક સાયબર એક્સપર્ટ્સની મદદથી તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ ટીમે ઈન્સ્ટાગ્રામ ફેક હેન્ડલ્સ, સર્વર લોગ્સ અને ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ ટ્રેસ કરીને આ એકાઉન્ટ્સ ચલાવનાર સુધી પહોંચવાની કડીઓ મેળવી લીધી હતી. ટેકનિકલ તપાસના આધારે ડિંડોલી પોલીસે સુરતના પાલ વિસ્તારમાં ગુજરાત વોટર પાર્ક રોડ પર રહેતી આરોપી મહિલા ભૂમિકા ધર્મેશભાઈ ધુલિયાને તેના ઘરેથી ઝડપી પાડી હતી.

પોલીસે ગુનામાં વપરાયેલા મોબાઈલ સહિતના ડિજિટલ ઉપકરણો જપ્ત કરીને પુરાવા એકત્ર કર્યા છે. પ્રાથમિક પૂછપરછમાં ભૂમિકાએ કબૂલ્યું હતું કે મંગેતર સાથેના પુર્વ પ્રેમસંબંધ અને અદાવતના કારણે જ તેણે આ કૃત્ય કર્યું હતું. પોલીસે જણાવ્યું છે કે સાયબર સ્પેસમાં ટેકનોલોજીના દુરૂપયોગ દ્વારા કોઈની ગરિમા હણનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

કોઠારીયા સોલવન્ટના યુવાન સાથે આજીડેમમાં બનાવઃ પાંચ સંતાને પિતાનું છત્ર ગુમાવતાં ગમગીની

માછીમારી વખતે યુવાન ડૂબી જતાં મોત

રાજકોટ તા. ૧૪

મોત ક્યારે અને કેવી રીતે આવી તેની કોઈને ખબર હોતી નથી. એક કિસ્સામાં ટાયરની મોટી ટ્યુબમાં હવા ભરી તેના પર બેસી ડેમમાં માછીમારી કરવા માટે ગયેલા યુવાનનું ટ્યુબ ફાટી જતાં ડૂબી જવાથી મોત થયું હતું.

વિગતો જોઈએ તો આજીડેમમાં માછીમારી કરતી વખતે ટ્યુબ તૂટી જતાં તેના પર બેઠેલો કોઠારીયા સોલવન્ટનો યુવાન ડુબી ગયો હતો. કોઠારીયા સોલવન્ટ ૨૫ વારીયામાં રહેતો પાંત્રીસ વર્ષનો કૈલાસભાઇ



કાનજીભાઇ સોલંકી નામનો દેવીપૂજક યુવાન ગઇકાલે સાંજે આજીડેમ ખાતે રવિવારી ભરાય છે તેની પાછળ ડેમ ખાતે માછીમારી કરવા ગયો હતો. તે હવા ભરેલી ટાયરની મોટી ટ્યુબમાં બેસીને માછીમારી કરતો હતો ત્યારે ટ્યુબ તૂટી જતાં ડૂબી ગયો હતો.

તરતાં આવડતું ન હોઇ બચી શક્યો નહોતો. આજે ફાયર બ્રિગેડની ટીમે તેનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. આજીડેમ પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર ભંગારનો ધંધો કરવા સાથે માછીમારી કરતો હતો. તે એક બહેન અને બે ભાઇમાં મોટો હતો. સંતાનમાં બે દિકરી અને ત્રણ દિકરા છે. બનાવથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

આસ્થા ચોકમાં યુવાનની હત્યામાં નામીચા રાધે સહિત ત્રણ કલાકોમાં પકડાયા

એલસીબી ઝોન-૨ અને ડીસીબીની ટીમોએ સગીર સહિત ત્રણેયને પકડી તાલુકા પોલીસને સોંપ્યાઃ હજુ એકની શોધખોળ

રાજકોટ તા. ૧૪

શહેરના મવડી પાળ રોડ પર મીરાબાઇ ટાઉનશીપમાં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના યુવાન પરેશભાઇ ટાભાભાઇ ચૌહાણની સોમવારે મોડી રાતે દોઢસો ફુટ રીંગ રોડ પર ડો. બાબાસાહેબ આંબેડકર સર્કલ આસ્થા ચોકડી પાસે છરીના ઘા ઝીંકી ક્રુર હત્યા કરવામાં આવી હતી. અઠવાડીયા પહેલા વાહન અડી જવા મામલે થયેલી માથાકુટનું સમાધાન કરવા બોલાવી નામીચા શખ્સ સહિતનાએ છરીના ઘા ઝીંકી દીધા હતાં. હત્યાના આ ગુનામાં એલસીબી ઝોન-૨ ટીમે એક આરોપીને અને ડીસીબીની ટીમે અન્ય બે આરોપીઓને કલાકોમાં ઝડપી લીધા હતાં.

વિગતો જોઇએ તો હત્યાના આ બનાવમાં એલસીબી ઝોન-૨ ટીમે અનીલ ઉર્ફે કાનો મુકેશભાઇ પરમાર (આંબેડકરનગર-૧૧-ક, ૧૫૦ ફુટ રીંગ રોડ)ને પકડી લીધો હતો. આ શખ્સ અગાઉ માલવીયાનગર, આજીડેમ, કાલાવડ પોલીસમાં જૂગાર સહિતના ગુનાઓમાં સંડોવાઇ ગયો હતો. તેને ટીમ બનાવી રૈયા રોડ ઇન્ડિયન પાર્કના ક્વાર્ટર પાસેથી પકડી તાલુકા પોલીસને સોંપાયો હતો. ડીસીપી રાકેશ દેસાઈની રાહબરીમાં પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એએસઆઇ જે. વી. ગોહિલ, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કોન્સ. કુલદીપસિંહ રાણા, શીવભદ્રસિંહ ગોહિલ,



મૈસુરભાઇ કુંભારવાડીયાએ પકડ્યો હતો.

બીજી તરફ અન્ય બે આરોપીને ડીસીબીની ટીમોએ પકડ્યા છે. જેમાં એક બાળકિશોર છે. ક્રાઇમ બ્રાંચની ટીમે ધર્મેશ ઉર્ફે રાધે હરેશભાઇ રાઠોડ (ઉ.વ.૨૭-રહે. આંબેડકરનગર-૫, ૧૫૦ ફુટ રીંગ રોડ) અને સગીરને તે શહેર મુકીને ભાગવાની તૈયારીમાં હતાં ત્યાં દબોચી લીધા હતાં અને તાલુકા પોલીસને સોંપ્યા હતાં.રાધે ઉર્ફે ધર્મેશ અગાઉ યુનિવર્સિટી, માલવીયાનગર, તાલુકા પોલીસમાં દારૂ, મારામારી, ધમકી સહિતના ૮ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવની ટીમના પીએસઆઇ એ. એન. પરમાર, વી. ડી. રાવલીયા, એએસઆઇ સમીરભાઇ શેખ, હેડકોન્સ. જયદેવસિંહ પરમાર, હરસુખભાઇ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, અનુજભાઇ ડાંગર, મોહિલરાજસિંહ ગોહિલ, અર્જુનભાઇ ડવ, સાગરભાઇ માવદીયા, મુકેશભાઇ સબાડ, દીપકભાઇ ડાંગર, યજુર્વેદસિંહ જાડેજા, સુભાષભાઇ ઘોઘારી, રવિભાઇ ગઢવી, કોન્સ. જીલુભાઇ ગરચર, તૌફિકભાઇ જુણાચ, મયુધવજસિંહ જાડેજા, ગોપાલભાઇ પાટીલ, દિવ્યરાજસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ ઝાલા, અશ્વીનભાઇ પંપાણીયાએ આ કામગીરી કરી હતી. હજુ એક આરોપીની શોધખોળ યથાવત રખાઇ હતી.

કુવાડવા રોડ IOC પાસે હિટ એન્ડ રનઃ આધેડનું મૃત્યુ

શીવાજીનગરના આધેડ કામ માટે નીકળ્યા હતાં અને જીવ ગયોઃ પોલીસે કારચાલકની શોધખોળ શરૂ કરી

રાજકોટ તા. ૧૪

જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટના બની હતી. જેમાં હિટ એન્ડ રનના બનાવમાં એક પરિવારના મોભીનો જીવ ગયો હતો. કુવાડવા રોડ પર આઇઓસી પ્લાન્ટ પાસે રાત્રીના હિટ એન્ડ રનના બનાવમાં માજોઠીનગરના આધેડનું મોત થયું છે. સાંજે તેઓ ચાલીને રસ્તો ઓળંગતા હતાં ત્યારે અજાણ્યો કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. કુવાડવા રોડ આઇઓસી પ્લાન્ટ નજીક સાંજે એક કારની ઠોકરે ચડી જતાં અજાણ્યા આધેડનું ગંભીર ઇજા થતાં ઘટના



સ્થળે જ મોત થયું હતું.

બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. દરમિયાન સવારે આ આધેડની ઓળખ થઇ હતી. મૃત્યુ પામનાર આધેડ માજોઠીનગર મેઇન રોડ પર હનુમાનજીના મંદિરના મંદિર પાસે રહેતાં દિનેશભાઇ બચુભાઇ ઝાપડીયા (ઉ.વ.૪૫) હોવાનું ખુલ્યું હતું. તેઓ કડીયા કામ કરી ગુજરાન ચલાવતાં હતાં અને બે ભાઇ તથા બે બહેનમાં નાના હતાં. સંતાનમાં ત્રણ દિકરા છે. તેઓ કામ માટે નીકળ્યા બાદ કોઇ કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. કુવાડવા રોડ પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા કાર ચાલકને શોધવા તપાસ શરૂ કરી હતી.

આદત સે મજબૂરઃ વારંવાર ગુના આચરે, વારંવાર પકડાય, છુટીને પાછુ એનુ એ જ કરે!

લખને ફરી લખણ ઝળકાવ્યાઃ છરી ઝીંકી રોકડ-ચેઇન લૂંટ્યા

લાખાજીરાજ ઉદ્યોગનગરના યુવાનને દૂધસાગર રોડ પર ઘાયલ કરી ધમકાવી ગુનો આચર્યોઃ થોરાળા પોલીસે નામીચાને સાગ્રીત સાથે દબોચીને કરાવ્યું કાયદાનું ભાન

રાજકોટ, તા. ૧૪

શહેરમાં અમુક અપલખણા ગુનેગારો એવા હોય છે જે વારંવાર પોલીસના હાથે પકડાય, જેલમાં જાય તો પણ છુટીને ફરીથી ગુનાખોરી આચરી લેતાં હોય છે. ચુનારાવાડ વિસ્તારમાં આવો જ એક નામીચો શખ્સ લખન રહે છે. ચોરી, લૂંટ, ચીલઝડપ સહિતના ગુનાઓમાં સામેલ આ શખ્સે વધુ એક વખત અપલખણ ઝળકાવ્યા છે. સાગ્રીત સાથે મળીને પોતાના જ પાડશોમાં રહેતાં યુવાનને તે દૂધ સાગર રોડ પર હતો ત્યારે છરીના ઘા ઝીં કી રોકડ, ચેઇન લૂંટી લીધા હતાં. થોરાળા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી બંનેને દબોચી લઇ કાયદાનું ભાન કરાવ્યુ.હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના ભાવનગર રોડ પર આવેલા ચુનારાવાડ વિસ્તાર નજીક રાત્રિના સમયે લૂંટની ઘટના બની છે. દૂધસાગર મેઇન રોડ પર સુર્યોદય પાનની દુકાનના ઓટા પર બેઠેલા ૨૫ વર્ષીય મજૂર યુવક પર બે માથાભારે શખસોએ હુમલો કરી, ધારદાર હથિયારથી ઈજા પહોંચાડી દોઢ તોલાનો સોનાનો ચેઇન અને રોકડા રૂપિયા મળી કુલ રૂ. એક લાખ સિત્તેર હજારનો મુદ્દામાલ બળજબરીથી પડાવી લઇ માથે જતાં જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

થોરાળા પોલીસે નામીચા લખન સહિત બે આરોપીને દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી હતી. વિશેષ માહિતી જોઈએ તોઆ બનાવમાં થોરાળા પોલીસે ચુનારાવાડ-૧ આજી નદીના કાંઠે લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતાં પચ્ચીસ વર્ષના યુવાન જેનીશ રાયધનભાઇ ચૌહાણની ફરિયાદ પરથી ચુનારાવાડ શેરી નં. ૧માં જ રહેતાં લખન બચુ અને પ્રતાપ ઉર્ફે નાનીયો વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. જેનીશ ચૌહાણ પરિવામાં બહેન બનેવી સહિતના પરિવાર સાથે રહે છે અને છુટક મજૂરી કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે તે બારમી ઓક્ટોરના રોજ રાત્રિના આશરે સાડા દસેક વાગ્યાના સુમારે દૂધસાગર મેઇન રોડ પર ચુનારાવાડ ચોક નજીક ડાભી હોટલ વાળી શેરીમાં આવેલી સુર્યોદય



પાનની દુકાનના ઓટા પર બેઠો હતો.

આ વખતે તેના જ પડોશમાં રહેતો અને માથાભારેની છાપ ધરાવતા લખન બચુ અને પ્રતાપ ઉર્ફે નાનીયો નામના બંને શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. બંનેએ યુવકને ગાળો આપી તેની પાસે રહેલા પૈસા તેમજ ગળામાં પહેરેલો સોનાનો ચેઇન આપી દેવા દબાણ કર્યું હતું. યુવકે આ વાતની ના પાડતાં બંને આરોપીઓ શેરીમાંથી ધારદાર હથિયારો લઈ આવ્યા હતા અને પૈસા અને ચેઇન આપી દે નહીંતર તને મારી નાખીને પણ લઈ લેશું તેવી ધમકી આપી હતી. પણ જેનીશે પૈસા-ચેઇન આપવાનો ફરીથી ઈનકાર કરતાં ઉશ્કેરાયેલા લખન બચુએ પોતાના હાથમાં રહેલા ધારદાર હથિયાર વડે ઘા ઝીંકવાનો પ્રયાસ કર્યો હતો.

જેનીશે બચાવ માટે જમણો હાથ આડો ધરતાં હથેળીના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને લોહી વહેવા લાગ્યું હતું. ત્યારબાદ બીજા આરોપીપ્રતાપ ઉર્ફે નાનીયાએ ધારદાર હથિયાર વડે જમણા પગના ગોઠણ પાસે ઘા મારી લોહીલુહાણ કરી દીધો હતો. બંને આરોપીઓ જાનથી મારી નાખશે તેવી બીકને કારણે જેનીશે ગળામાં પહેરેલ આશરે દોઢ તોલાનો સોનાનો ચેઇન કિંમત રૂ. ૧,૫૦,૦૦૦ તથા પેન્ટના ખિસ્સામાં રહેલા રોકડા રૂ. ૨૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૭૦,૦૦૦નો મુદ્દામાલ સોંપી દીધો હતો.લૂંટ ચલાવ્યા બાદ બંને આરોપીઓ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા.

ઈજાગ્રસ્ત અવસ્થામાં મેઇન રોડ પર પહોંચેલા યુવકને તેના મિત્ર મોહિતે મોટરસાયકલ પર બેસાડી ગુંદાવાડી હોસ્પિટલ પહોંચાડ્યો હતો, જ્યાં પ્રાથમિક સારવાર મેળવ્યા બાદ યુવક પોતાના ઘરે ગયો હતો. આરોપીઓ વિસ્તારમાં માથાભારે છાપ ધરાવતા હોવાથી ડરના માર્યા યુવકે તુરંત ફરિયાદ નોંધાવી ન હતી. હવે પરિવારજનોએ હિંમત આપતાં બે દિવસ બાદ થોરાળા પોલીસ સ્ટેશન પહોંચી આ અંગે વિધિવત ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. પી. સોઢાની રાહબરીમાં એએસઆઇ જી. ડી. શીયારે ગુનો નોંધ્યો હતો. વધુ તપાસ ડી. સ્ટાફ પીએસઆઇ ટી. ડી. જોડાએ બંને આરોપીને દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે. લખન બચુ માલાણી અગાઉ પણ અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. અવાર-નવાર ગુના આચરતા આ શખ્સે વધુ એક વખત લખણ ઝળકાવી લૂંટનો ગુનો પોતાના નામે કર્યો હતો.

અલગ અલગ રીતે છેતરી લેતાં ગઠીયાઓએ વધુ બે ઘટનામાં લાખો ઉસેડ્યા

વિઝાના નામે સત્તર લાખ ગુમાવ્યા

બીજી ઘટનામાં સોશિયલ મિડીયાની રીલને આધારે દિકરીનું એમબીબીએસમાં એડમીશન લેવા જતાં આચાર્યએ ગુમાવ્યા બાવીસ લાખ

રાજકોટ, તા. ૧૪

અવાર-નવાર લોકો વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે છેતરાઇ રહ્યા છે. લેભાગુ એજન્ટો ગામેગામ પહોંચી ગયા હોય તેમ રોજબરોજ આવી ઠગાઇ થઇ રહી છે. હવે એક ક્રિકેટ કોચ સાથે સત્તર લાખ આસપાસની ઠગાઇ થઇ ગઇ હતી. જેમાં તે ત્રેવીસ લાખમાં છ મહિના માટેના કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે ગઠીયો સોળ લાખ એંસી હજાર ઉસેડી ગાયબ થઇ ગયો હતો. ઇન્સ્ટાગ્રામમાં આ યુવાનની પત્નિએ બ્રાઇટ ઇમિગ્રેશનની રીલ જોઇ સંપર્ક કર્યો હતો અને શિકાર બની ગયો હતો. બીજી ઘટનામાં એક આચાર્યએ દિકરીનું એમબીબીએસ કોલેજમાં એડમિશન લેવા સોશિયલ મિડીયાની જાહેરાતને આધારે સંપર્ક કરતાં બાવીસ લાખનો ચૂનો લાગી ગયો હતો.

પ્રથમ ફ્રોડની વિગતો પર નજર કરીએ તો નવસારીમાં રહેતા અને બરોડા ક્રિકેટ એસોસિએશનમાં કોચ તરીકે ફરજ બજાવતા રાજેશ પંચાલ તથા તેમના પરિવાર સાથે કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને રૂપિયા ૧૬.૮૦ લાખની છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. અમદાવાદના શ્યામલ વિસ્તારમાં ઓફિસ ધરાવતા એજન્ટે રૂપિયા ૨૩ લાખમાં વિઝા અપાવવાની ખાતરી આપી હતી. પણ તબક્કાવાર નાણાં વસૂલ્યા બાદ પણ વિઝા ન આપતાં પરિવારે સેટેલાઇટ પોલીસનો સંપર્ક કર્યો હતો. વધુ માહિતી અનુસાર રાજેશ પંચાલનાં પત્નિરાજે શ્રીબેને ઇન્સ્ટાગ્રામ પર બ્રાઇટ ઇમિગ્રેશનનામની જાહેરાત જોઈ હતી.

ત્યારબાદ દંપતી અમદાવાદના શ્યામલ વિસ્તારમાં આવેલી ઓફિસે પહોંચ્યું હતું, જ્યાં તેમની મુલાકાત દીપક ઉપાધ્યાય નામના એજન્ટ સાથે થઈ હતી. તે વખતે એજન્ટે છ મહિનામાં પરિવારના કેનેડા વર્ક પરમિટ વિઝા આવી જશે તેમ જણાવી કુલ રૂપિયા ૨૩ લાખનો ખર્ચ કહ્યો હતો. આ ખાતરીના આધારે દંપતીએ એજન્ટને તબક્કાવાર નાણાં આપ્યાં હતાં. ફરિયાદ મુજબ, એજન્ટે વિવિધ પ્રોસેસિંગ ફી અને અન્ય ખર્ચના બહાને કુલ ૧૬.૮૦ લાખ મેળવી લીધા હતા. બાયોમેટ્રિક -ક્રિયા માટે પરિવારને મુંબઈ પણ મોકલવામાં આવ્યો હતો, પરંતુ બે વખત



બાયોમેટ્રિકની પ્રક્રિયા રદ થઈ હતી. ત્યારબાદ બાયોમેટ્રિક પૂર્ણ થયા છતાં લાંબા સમય સુધી વિઝા મળ્યા નહોતા.

આથી એજન્ટનો સંપર્ક કરતાં તે સંતોષકારક જવાબ ન આપતાં પરિવારને છેતરપિંડી થઈ હોવાની આશંકા ગઈ હતી. વિઝા નહીં મળતાં અને નાણાં પણ પરત નહીં મળતાં રાજેશ્રીબેન પંચાલે અમદાવાદના સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં દીપક ઉપાધ્યાય વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપી એજન્ટને પકડવા અને સમગ્ર મામલાની તપાસ હાથ ધરી હતી. આ રીતે અનેક લેભાગુ એજન્ટો અને કહેવાતી કન્સલ્ટન્સી એજન્સીઓ ખોલીને ગઠીયાઓ વિઝાના નામે લોકોને છેતરી રહ્યા છે.

ઠેકઠેકાણે આવા કિસ્સા બની રહ્યા છે. આમ છતાં લોકો જાગૃત થઇ રહ્યા નથી અને ગમે તેવા એજન્ટો કે પછી ઓનલાઇન આવતી લોભામણી જાહેરાતો રીલ્સ જોઇને તેમાં વિશ્વાસ મુકી લાખો રૂપિયા ગુમાવી રહ્યા છે. આ કિસ્સામાં પણ સોશિયલ મિડીયા પરની એડ જોઇ હતી અને તેના મારફત કહેવાતા એજન્ટનો સંપર્ક કરતાં ફ્રોડ થઇ ગયું હતું.

બીજી ઠગાઇ જોઇએ તો અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા અને સ્કૂલમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા છેતાલીસ વર્ષીય આધેડ સાથે સાયબર ગઠિયાઓએ તેમની દીકરીને સરકારી મેડિકલ કોલેજમાં એમબીબીએસમાં પ્રવેશ અપાવવાની લાલચ આપી ૨૨.૭૫ લાખ પડાવી લીધા હોવાની ઘટના સામે આવી હતી. દીકરીએ ધોરણ ૧૨ સાયન્સ અને નીટની પરીક્ષા પાસ કર્યા બાદ સોશિયલ મીડિયા પર એડમિશન અંગેની જાહેરાત જોઈ હતી, જેની પિતાને જાણ કરી હતી. આ જાહેરાતના આધારે આચાર્યએ સંપર્ક કરતાં ગઠિયાઓએ નકલી કન્સલ્ટન્સીના માલિક અને કર્મચારી બનીને આચાર્યનો વિશ્વાસ જીત્યો હતો.

ગઠિયાઓએ સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ અપાવવા માટે કુલ ૩૦ લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ એડમિશન પ્રક્રિયા અને વિવિધ ફીના બહાના હેઠળ લગભગ બે મહિના દરમિયાન ટુકડે-ટુકડે કુલ ૨૨.૭૫ લાખ પડાવી લીધા હતા. નાણાં મેળવ્યા બાદ ગઠિયાઓએ આચાર્યને એક એલોટમેન્ટ લેટર આપ્યો હતો. આચાર્યએ જ્યારે અમદાવાદ સ્થિત બી.જે. મેડિકલ કોલેજમાં જઈને આ લેટરની ખરાઈ કરી ત્યારે તે નકલી હોવાનું બહાર આવ્યું હતું. પોતાની સાથે ભારે ઠગાઈ થઈ હોવાનું માલૂમ પડતાં આચાર્યએ તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

રાજકોટ રેલ્વે કોલોનીના મહિલા વ્યાજખોરીમાં ફસાઇ જતાં ઝેર પીધું

દિકરીના લગ્ન માટે ત્રણ લાખ લીધાઃ તેમાં ઘર લખાવી લેવાયુ, દાગીના પણ પડાવી લેવાયાનો આક્ષેપ

રાજકોટ તા. ૧૪

વ્યાજંકવાદમાં વધુ એક વ્યક્તિ ઝેર પીવા મજબૂર થઇ હતી. કોઠી કમ્પાઉન્ડ રેલ્વે કોલોનીમાં રહેતાં મનિષાબેન રાજુભાઇ વાળા નામના બેતાલીસ વર્ષના મહિલાએ સવારે ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.



વિગતો જોઇએ તો મનિષાબેનને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પતિ હયાત નથી. પોતે રેલ્વેમાં કેરેજ વિભાગમાં નોકરી કરે છે. તેણીના કહેવા મુજબ ત્રણ વર્ષ પહેલા તેણે મિરાજ નામના શખ્સ પાસેથી ત્રણ લાખની રકમ ૧૦ ટકા વ્યાજે લીધી હતી. જેની સામે દર મહિને ૬૦ હજારનો હપ્તો ચુકવતાં હતાં. અત્યાર સુધીમાં તેણે વ્યાજ ચુકવ્યું છે ઉપરાંત તેમનું મકાન પણ લખાવી લેવાયુ છે અને દોઢ કીલો ચાંદીના દાગીના પણ લઇ જવાયા છે. તેવો આક્ષેપ કરાયો છે. ગઇકાલે હપ્તા માટે માંગણી કરી ઉંચા અવાજે વાત કરતાં મનિષાબેન ગભરાઇ જતાં ઝેરી દવા પી લીધી હતી. અગાઉ દિકરીના લગ્ન માટે જરૂર હોઇ જેથી આ રકમ વ્યાજે લીધી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્રદ્યુમનનગર પોલીસે હકિકત જાણવા વિશેષ તપાસ હાથ ધરી હતી.

રામવન પાસે કારખાનામાં એક માળની ઉંચાઇથી પડતાં મજૂરનું મોત

મુળ યુપીના બાવીસ વર્ષના યુવાનના મોતથી ગમગીની

રાજકોટઃ અપમૃત્યુના એક બનાવમાં આજીડેમ ચોકડી નજીક રામવન પાસે કે. પી. ઇન્ડસ્ટ્રીઝ એરીયા શેરી નં. ૩માં રહેતાં બાવીસ વર્ષનો કાશીરામ દાકતર નિશાદ નામનો યુવાન સવારે સિતારામ લેઝર કટીંગ નામના કારખાને હતો ત્યારે એકાદ માળની ઉંચાઇ પરથી પડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર મુળ ઉત્તરપ્રદેશનો વતની હતો. અહિ રાજકોટમાં રહી કારખાનામાં કામ કરતો હતો. તે ત્રણ ભાઇ અને બે બહેનમાં મોટો અને અપરિણીત હતો. બનાવથી સાથી કર્મચારીઓમાં શોક છવાઇ ગયો હતો. આજીડેમ પોલીસે પંચનામાની કાર્યવાહી બાદ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ઇ-કોમર્સ સાઇટ પરથી મંગાવેલા સ્લીપર સાઇઝના ઇશ્યુને કારણે પરત મોકલી રીફંડ લેવા જતાં ફ્રોડ

ચપ્પલ પાછા મોકલવાનો પ્રયાસ દોઢ લાખમાં પડ્યો

બીજી તરફ પેઢીમાંથી અડધો કરલ લઇ ભાગી ગયેલા બે સગા ભાઇઓને પોલીસે દબોચી લીધા

રાજકોટ તા. ૧૪

સાયબર ગઠીયાઓ રોજબરોજ ગામને છેતરીને પોતાના ખિસ્સા ભરે છે. એકપણ દિવસ ગઠીયાઓ ફ્રોડ કર્યા વગર ખાલી જવા દેતાં નથી. હવે વધુ એક ઠગાઇ થઇ હતી. જેમાં એક યુવતિએ ઓનલાઇન સ્કેચર્સ સ્લીપર મંગાવ્યા હતાં. પણ સાઇઝમાં બરાબર ન હોઇ પરત કરવા માટે તેણે ગૂગલ પર ઇ-કોમર્સ કંપનીના નંબર શોધ્યા હતાં. તે સાથે જ તે ફ્રોડનો શિકાર બની ગયો હતો. ઇ-કોમર્સ કંપનીના નામે સાયબર ગઠીયાઓએ તેનો સંપર્ક કરી પ્રોસેસના નામે વેરીફેકેશનના નામે મોબાઇલની સ્ક્રીન શેર કરાવડાવી દોઢ લાખ ઉપાડી લીધા હતા. આમ ઓનલાઇન મંગાવેલા ચંપલ રીટર્ન કરી રીફંડ લેવાનો પ્રયાસ દોઢ લાખમાં પડ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના ન્યૂ કારેલીબાગ વિસ્તારમાં આવેલા યોગીરાજ હબ એન્ડ હાઇટ્સમાં રહેતાં આડત્રીસ વર્ષીય ખુશ્બુબેન નિલેશકુમાર પટેલે રૂપિયા બે હજાર ચારસોની કિંમતના સ્કેચર્સ સ્લિપર ઓનલાઇન મગાવ્યાહતા. જોકે તેની સાઇઝ યોગ્ય ન હોવાથી તેમણે તે સ્લિપર પરત કર્યાં હતાં. રિફંડ ન મળતાં તેમણે ગૂગલ પર ઇ-કોમર્સ કંપનીનો કસ્ટમર કેર નંબર શોધ્યો હતો. ત્યારબાદ આવેલા અજાણ્યા સોશિયલ મીડિયા કોલમાં ગઠિયાએ વેરિફિકેશનના બહાને સ્ક્રીન શેર કરાવીને ફોનનો અનધિકૃત એક્સેસ મેળવી લીધો હતો.



આ પછી તેણીનો ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો અને તેમના બે બેંક એકાઉન્ટમાંથી દસ ટ્રાન્ઝેક્શન થકી કુલ એક લાખ પિસ્તાલીસ હજાર પડી ગયા હતા. આ અંગે મહિલાએ ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવ્યા બાદ બાપોદ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આવી છેતરપિંડીથી બચવા શું શું ધ્યાન રાખવું તે જાણીએ તો ઈ-કોમર્સ કંપની સાથે સંપર્ક કરવો હોય તો ઓફિશિયલ એપ કે વેબ સાઈટના હેલ્પ સેક્શનનો ઉપયોગ કરો. ગૂગલ પર નંબર ન શોધો. બેંક કે કોઈ પ્રતિષ્ઠિત કંપનીના પ્રતિનિધિ ક્યારેય સોશિયલ મીડિયા પર વીડિયો કોલ કે અન્ય એપ મારફતે મોબાઈલ સ્ક્રીન શેર કરવા કહેતા નથી. અજાણ્યા કોલ પર સ્ક્રીન શેરિંગ રિક્વેસ્ટ ક્યારેય સ્વીકારશો નહીં. આ ઉપરાંત યુપીઆઈ પિન પૈસા મેળવવા માટે નથી તે યાદ રાખો. ખાતામાં રિફંડ કે પૈસા મેળવવા માટે ક્યારેય પાસવર્ડ નાખવાની જરૂર પડતી નથી. પિન હંમેશાં પૈસા મોકલવા માટે જ વપરાય છે.

બીજી તરફ અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પાસે આવેલી કે. મંગીલાલ પાર્સલ સર્વિસમાંથી ૭ સપ્ટેમ્બરે ૪૫.૨૯ લાખની ચોરી થઈ હતી. આ ગુનામાં પેઢીમાં જ નોકરી કરતા બે સગા ભાઈઓ યશવીર અને દલવીર પરમારની ઉત્તર -દેશના આગ્રામાંથી ધરપકડ કરાઈ હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૧.૮ લાખ રોકડ અને ૧.૫૨ લાખના ૩ મોબાઈલ ફોન સહિત કુલ ૩.૩૨ લાખનો મુદ્દામાલ જમ કર્યો હતો. શહેરના વ્યસ્ત અને ધમધમતા કાલુપુર રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી એક અગ્રણી પાર્સલ સર્વિસ પેઢીમાંથી અંદાજે એક મહિના અગાઉ થયેલી લાખો રૂપિયાની ચોરીનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ ચકચારી -કરણમાં પેઢીમાં જ નોકરી કરતા બે સગા ભાઈઓની ઉત્તરપ્રદેશના આગ્રા જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી છે.

વધુ માહિતી અનુસાર કાલુપુર રેલવે સ્ટેશનની સામે આવેલા લોઢાવાળા ચેમ્બર્સની દુકાન નં. ૫ અને ૯ માં ધમધમતી કે. મંગીલાલ પાર્સલ સર્વિસ નામની પેઢીમાંથી બપોરે ૩ થી ૪:૪૫ વાગ્યા આસપાસમાં કુલ રૂપિયા ૪૫.૨૯ લાખની રોકડ રકમની રહસ્યમય ચોરી થઈ હતી. આ અંગે મણિનગર વિસ્તારમાં રહેતા માધારામ લીચનરામ શર્મા દ્વારા કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ચોરી કરાયેલી આ માતબર રકમમાં ઓફિસના ટેબલના કમ્પાર્ટમેન્ટમાં સુરક્ષિત રાખવામાં આવેલી રોકડ તેમજ કાલુપુરના જ પંચકુવા વિસ્તારના એક વેપારી પાસેથી ખાસ એકત્રિત કરવામાં આવેલા રૂપિયા ૫ લાખનો પણ સમાવેશ થતો હતો. આટલી મોટી રકમ ગુમ થઈ જતાં વેપારી વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

આ પછી તપાસ દરમિયાન એલસીબીની ટીમે આધુનિક ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારો દ્વારા મેળવેલી સચોટ માહિતીના આધારે આરોપીઓની ભાળ મેળવી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે આ ચોરી કરનાર બંને શખ્સો અન્ય કોઈ નહીં પરંતુ તે જ પેઢીમાં સાથે નોકરી કરતા અને ડ્યુટી પર હાજર રહેલા બે સગા ભાઈઓ યશવીર રામાવતાર પરમાર અને દલવીર રામાવતાર પરમાર હતા, જેઓ ઘટનાને અંજામ આપીને નાસી છૂટ્યા હતા. પોલીસે બંનેને આગ્રા જિલ્લાના તેમના વતની ગામ હસનપુરા ખાતથી દબોચી વધુ તપાસ હાથ ધરી હતી.

આડાઅવળા અને પ્રેમસંબંધોનાં ઘણીવાર આવે છે ખોફનાક અંજામઃ મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ

પ્રેમસંબંધની શંકાએ મિત્રને પતાવી લાશ ફેંકી કૂવામાં!

યુવાનને શંકા હતી કે તેની બહેન સાથે મિત્રને લવલફરૂ છેઃ કાવત્રુ ઘડુ મિત્ર ભજનમાંથી નીકળ્યો પછી એક્ટીવામાં બેસાડી પટમાં લઇ ગયોઃ સગીરે પકડી રાખ્યો અને મિત્રએ ગળા પર છરી ફેરવી દીધીઃ પોલીસે બંને હત્યારાઓને સકંજામાં લીધા

રાજકોટ તા. ૧૪

આડાઅવળા સંબંધો કે પ્રેમસંબંધોમાં અવાર-નવાર માથાકુટની ઘટનાઓ બનતી રહે છે. ઘણીવાર તો વાત હત્યા સુધી પહોંચી જતી હોય છે. આવી જ વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં એક યુવાને સગીરની મદદ લઇ પોતાના જ મિત્રની હત્યા કરી નાંખી હતી અને લાશને કુવામાં ફેંકી દીધી હતી. આ યુવાનને એવી શંકા હતી કે પોતાની બહેન સાથ મિત્રને પ્રેમસંબંધ છે. આ શંકાને કારણે તેણે કાવત્રુ ઘડ્યું હતું અને સગીરની મદદ લઇ તેને અંજામ આપ્યો હતો. સગીરે મિત્રને પકડી રાખ્યો હતો અને યુવાને મિત્રના ગળા પર કમર પર છરી ફેરવી પતાવી દીધો હતો. બાદમાં બંનેએ સાથે મળી લાશને કૂવામાં ફેંકી દીધી હતી.

ખળભળાટ મચાવતી આ ઘટના પર નજર કરીએ તો ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના હાજીપુર ગામે મિત્રની બહેન સાથે પ્રેમસંબંધ હોવાના વહેમમાં કાવતરૂં રચી બાવીસ વર્ષીય યુવકને ખેતરમાં લઈ જઈ છરાના ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક પતાવી દઈ પુરાવાનો નાશ કરવા લાશને ડા કૂવામાં ફેંકી દીધી હતી. આ ચકચારી હત્યા કેસમાં એક સિક્યુરિટી ગાર્ડની સતર્કતાથી સાંતેજ પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. પોલીસ સુત્રોએ કહ્યું કે હાજીપુર ગામના દંતાણીવાસમાં રહેતો અને ખાત્રજની લુબી કંપનીમાં નોકરી કરતો પરેશ બાબુભાઈ દંતાણી રાત્રે મામાના ઘરે યોજાયેલા ભજનમાંથી અચાનક ગુમ થઈ થયો હતો.

બીજા દિવસે પરેશનો મોબાઈલ સ્વિચ ઓફ આવતાં અને તેનો કોઈ પત્તો ન લાગતાં પરિવારે દસમી ઓક્ટોબરે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી હતી. આ દરમિયાન મૃતક પરેશના ભાઈ અમિતને ભોયણ રોડ પર પ્લાઝમા કંપનીના સિક્યુરિટી ગાર્ડ તરફથી મહત્ત્વની માહિતી મળી હતી. સિક્યુરિટી ગાર્ડે જણાવ્યું હતું



કે ગામનો સગીર બે દિવસ પહેલાં રાત્રે લોહીથી લથબથ કપડાં સાથે કંપનીમાં આવ્યો હતો અને ત્યાં જઈને તેણે કપડાં બદલ્યા હતા. આ માહિતી મળતાં જ અમિતે કોલ કરીને પોલીસને જાણ કરી હતી. જેના પગલે સાંતેજ પોલીસ મથકના પીઆઇ એસ.આર.ચૌધરીએ સગીરને દબોચી લઈ કડક પૂછપરછ કરી હતી.

આ પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે તેના મિત્ર વિશાલ રાજુભાઈ દંતાણીની બહેન સાથે પરેશને આડા સંબંધ હોવાની શંકા હતી. વિશાલે પરેશને મનાઈ કરી હોવા છતાં તે વાતચીત ચાલુ રાખતો હોવાથી બંનેએ મળીને પરેશને પતાવી દેવાનું પ્લાનિંગ કર્યું હતું. જેના ભાગરૂપે આઠમી ઓક્ટોબરની રાત્રે સાડા દસ વાગ્યે વિશાલે પરેશને બોલાવ્યો હતો અને ત્યારબાદ એક્ટિવા પર બેસાડી બંને તેને નજીકના ખેતરમાં લઈ ગયા હતા.

ખેતરમાં સગીરે પરેશને ગળાથી પકડી રાખ્યો હતો અને વિશાલે પાછળથી કમરમાં છરો મારી દીધો હતો. ત્યારબાદ બંનેએ પરેશને નજીકમાં કુંભારીયા સીમમાં આવેલા કૂવા પાસે લઈ ગયા હતા. જ્યાં પરેશના શ્વાસ ચાલુ હોવાનું જણાતાં વિશાલે ફરીથી તેના ગળાના ભાગે છરાના ઘા ઝીંકી દીધા હતા. હત્યા બાદ બંનેએ પરેશની લાશને કૂવામાં ફેંકી દીધી હતી. જેના પગલે આરોપી વિશાલ દંતાણીને પણ પકડી અટકાયત કરી હતી અને રાતે જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પરંતુ કૂવો ખૂબ ડો હોવાથી બીજે દિવસે સવારે ફાયર બ્રિગેડની મદદથી પરેશની લાશ બહાર કાઢી હતી. જેની તપાસમાં મૃતદેહ પરથી ગંભીર ઈજાના નિશાનો મળી આવ્યા હતા.

સાંતેજ પોલીસે અમિત દંતાણીની ફરિયાદના આધારે વિશાલ દંતાણી અને સગીર આરોપી સામે હત્યા અને ષડયંત્રનો ગુનો નોંધી નોંધવામાં આવ્યો હતો. આ અંગે પીઆઈ ચૌધરીએ કહ્યું કે, બહેન સાથે પ્રેમ સંબંધની શંકામાં આ હત્યાને અંજામ આપવામાં આવ્યો હતો. જેમાં એક આરોપી સગીર છે. જ્યારે વિશાલ દંતાણીની ધરપકડ કરી લેવાઈ હતી. આમ વધુ એક પ્રેમસંબંધનું લોહીયાળ પરિણામ આવ્યું હતું. જેમાં યુવાનની તેના જ મિત્રના હાથે ક્રુર હત્યા થઈ હતી. આ યુવાનને પોતાના મિત્રની બહેન સાથે પ્રેમસંબંધ હોવાની મિત્રને શંકા ઉપજી હોઇ તેના કારણે આ લોહીયાળ ઘટના બની હતી.

આજી GIDC સ્થિત તન્વી ગોલ્ડ પેઢી નજીક સનસનાટી ભરી ઘટના

જ્વેલર્સના કર્મચારીની હત્યા કરી દોઢ કરોડની લૂંટ

લાલજીભાઈ સરધારાની ગોળી ધરબી હત્યાઃ લૂંટારા સોનુ ચાંદી લૂંટી કારમાં ભાગ્યા : શહેરભરમાં નાકાબંધીઃ સીસીટીવીમાં ચાર શખ્સો દેખાયા

રાજકોટ, તા. ૧૪

રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલ ઉભો કરતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. શહેરની એક જાણીતી જ્વેલર્સ પેઢી નજીક લૂંટના ઈરાદે આવેલા હથિયારધારી શખ્સોએ એક કર્મચારીની નિર્દયતાથી ફાયરિંગ કરી હત્યા નીપજાવી છે અને અંદાજે ૩ કિલો સોના-ચાંદીના દાગીના તથા કિંમતી ચીજવસ્તુઓની લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા છે. બીજી બાજુ શહેરના સોની મહાજનોએ ભારોભાર રોષ પ્રદર્શિત કરીને આવતીકાલે સોની બજાર બંધ રાખવાનું એલાન કર્યું છે અને લૂંટારૂઓને તાત્કાલિક પકડી પાડવાની બુલંદ માંગણી કરી છે.







આરોપીઓ કારમાં સવાર થઈને આવ્યા હતા અને ખૂબ જ આયોજનબદ્ધ રીતે આ હુમલાને અંજામ આપ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ વિભાગમાં હડકંપ મચી ગયો હતો. પોલીસ કમિશનર સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ક્રાઈમ બ્રાન્ચનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પોલીસે સમગ્ર વિસ્તારને સીલ કરીને નાકાબંધી સઘન બનાવી છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ કબ્જે કરીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. દિનદહાડે બનેલી આ ગંભીર ઘટનાને પગલે સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ અને ભયનો માહોલ જોવા મળ્યો છે.

વિગતો જોઈએ તો શહેરના આજી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી તન્વી ગોલ્ડ જ્વેલર્સમાં દીનદહાડે ત્રાટકેલા શખ્સોએ સનસનાટીભર્યા ફાયરિંગ કરી લૂંટ ચલાવી કર્મચારીની હત્યા કરી નાખી હોવાની ગોઝારી ઘટના સામે આવી છે. આ ગંભીર ઘટનામાં તન્વી ગોલ્ડ જ્વેલર્સમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા લાલજીભાઈ રવજીભાઈ સરધારા (ઉ.વ. ૫૩) ને છાતીના ભાગે ગોળી વાગતા ગંભીર હાલતમાં મધુરમ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે.

પ્રાથમિક મુજબ, ફાયરિંગ કરી કર્મચારીની હત્યા કર્યા બાદ લૂંટારુઓ જ્વેલર્સ કર્મી પાસેથી અંદાજે દોઢેક કરોડ રૂપિયાના સોના અને લાખોના ચાંદીની મત્તા લૂંટીને ફરાર થઈ ગયા હોવાની ચર્ચા વ્યાપી ગઈ છે. જો કે, આ અંગે પોલીસ દ્વારા સત્તાવાર વિગતો મેળવવાની અને ગણતરી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. આ સનસનાટીભરી ઘટનાને પગલે આજી જીઆઈડીસી અને સમગ્ર રાજકોટ શહેરમાં ભારે દોડધામ મચી ગઈ છે અને વેપારી આલમ સહિત સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

બનાવની જાણ થતાં જ આજીડેમ પોલીસ સ્ટેશન, ડીસીબી, એલસીબી, ડીસીપી ક્રાઇમ તેમજ પોલીસ કમિશનર સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલે દોડી ગયો છે. સીસીટીવી ફૂટેજ તપાસતા તેમાં ચાર લૂંટારૂઓ નજરે પડ્યા છે, જેઓ કારમાં બેસીને નાસી છૂટ્યા હોવાની ચર્ચા છે. લૂંટારુઓનું સુરાગ મેળવવા અને આરોપીઓને ઝડપી પાડવા માટે શહેરમાં નાકાબંધી કરાવીને અલગ-અલગ પોલીસ ટીમો દ્વારા સઘન તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

વધુ મળતી વિગતો મુજબ આજે ગુરૂવારે આખો દિવસ શહેરની સોની બજાર બંધ રાખવાનો સોની બજારના આગેવાન રમેશ સાકરિયાએ નિર્ણય જાહેર કરતા તમામ સોની વેપારીઓએ આ નિર્ણયને ટેકો આપ્યો છે. તેમજ આજે રાજકોટમાં આવી રહેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને મળીને સોની વેપારીઓની સુરક્ષા મુદ્દે રજૂઆત કરવામાં આવશે તેવું જાણવા મળશે.

---

૧૫ આવાસ યોજનાઓ વચ્ચે માત્ર એક જ કેન્દ્ર અને એક જ હેલ્પરના ભરોસે ૧૨૦ ભૂલકાં!

તૈયાર આંગણવાડીને પાંચ વર્ષથી તાળાં

રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન હેઠળ આવતા વોર્ડ નંબર ૧૧માં તંત્રની ભારે બેદરકારી સામે આવી છે. અંબિકા ટાઉનશિપ, શ્યામલ સ્કાય લાઈફ અને જય દ્વારકાધીશ ચોક પાસે આવેલી શ્રી સીતાજી ટાઉનશિપ આવાસ યોજનામાં પાંચ વર્ષ પહેલાં આંગણવાડી કેન્દ્રનું મકાન તૈયાર કરી દેવામાં આવ્યું હોવા છતાં આજ સુધી તેને તાળાં મારેલી હાલતમાં રાખવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે છેલ્લા પાંચ વર્ષમાં તંત્ર દ્વારા અનેકવાર આંગણવાડી કેન્દ્રોમાં નવાં વર્કર અને હેલ્પર બહેનોની નવી નવી ભરતીઓ કરવામાં આવી, પરંતુ આ કેન્દ્ર માટે કોઈ સ્ટાફ ફાળવીને તેને ચાલુ કરવાની તસદી લેવાઈ નથી.

આ મામલે સામાજિક કાર્યકર સવજીભાઈ ફળદુ દ્વારા મ્યુનિસિપલ કમિશનર અને મેયરશ્રીને ધારદાર રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, આજુબાજુના સમગ્ર વિસ્તારમાં આશરે ૧૫ જેટલી આવાસ યોજનાઓ આવેલી છે. આટલા મોટા વિસ્તાર અને વસ્તી વચ્ચે માત્ર એક જ લક્ષ્મણ ટાઉનશિપની અંદર આંગણવાડી કેન્દ્ર ચાલુ છે. આશ્ચર્યજનક રીતે, એ કેન્દ્રમાં ૧૨૦ જેટલા નાના બાળકોની મોટી સંખ્યા સામે તેમને સાચવવા માટે માત્ર એક જ હેલ્પર બહેન ફરજ , વી રહ્યા છે.

આ સ્થિતિના કારણે આજુબાજુની આવાસ યોજનાઓ તથા ખાનગી એપાર્ટમેન્ટ્સમાં રહેતા ત્રણ વર્ષના નાના બાળકોને આંગણવાડી કેન્દ્રમાં બેસાડવામાં અને પ્રાથમિક શિક્ષણ કે પોષણ મેળવવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન આ આંગણવાડી કેન્દ્ર શરૂ કરાવવા માટે સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓથી માંડીને દિલ્હી સુધી રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સ્થિતિ જસની તસ રહી છે. તેથી સીતાજી ટાઉનશિપમાં વર્ષોથી ધૂળ ખાતી આંગણવાડીની તાત્કાલિક સ્થળ તપાસ કરાવી, ત્યાં નવી વર્કર અને હેલ્પર બહેનો મુકીને કેન્દ્ર વહેલી તકે ધમધમતું કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

તહેવારોમાં જ ૨૦ લાખ લોકો માટે ‘પાણીની પારાયણ’ સર્જાવાના એંધાણ!

કેનાલ રિપેરિંગના બહાને છેલ્લા ૧૫ દિવસથી દૈનિક ઉપાડ પણ બંધ : આજી અને ન્યારી-૧ ડેમમાં માત્ર ૨૫થી ૩૦ દિવસ ચાલે તેટલો જ જળ જથ્થો

રાજકોટ, તા. ૧૪

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ શહેર અને તેની ૨૦ લાખથી વધુની વસતી માથે આ વર્ષે નબળા અને અપૂરતા વરસાદને કારણે પીવાના પાણીની અતિ ગંભીર કટોકટી તોળાઈ રહી છે. એક તરફ આગામી ૮મી નવેમ્બરે જ પ્રકાશપર્વ દિવાળીનો મોટો તહેવાર આવી રહ્યો છે, ત્યારે બીજી તરફ શહેરને રોજિંદું પીવાનું પાણી પૂરું પાડતા મુખ્ય જળાશયોમાં જળજથ્થો ભયજનક સપાટીએ પહોંચી ગયો છે. જો સિંચાઈ વિભાગ દ્વારા આગામી ગણતરીના દિવસોમાં તાત્કાલિક ધોરણે સૌની યોજના મારફતે નર્મદાના નીર ઠલવવામાં નહીં આવે, તો આ વખતે રાજકોટવાસીઓએ તહેવારો ટાણે જ 'પાણીની પારાયણ' કરવી પડે તેવી આશંકાઓ સેવાઈ રહી છે.

સમગ્ર વિગત મુજબ, ચાલુ વર્ષે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ જોઈએ તેવી મહેર કરી નથી. પરિણામે, ખેતી માટેના સિંચાઈના પાણીની સાથે સાથે શહેરોમાં પીવાના પાણીનો વિકરાળ પ્રશ્ન ઉભો થયો છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભવિષ્યની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી જૂન ૨૦૨૭ માસ સુધી શહેરની તરસ છિપાવી શકાય તે માટે ૪૦૦૦ એમસીએફટી (ખઈઋજ) નર્મદા નીરની માગણી લાંબા સમય પહેલાં જ રાજ્ય સરકાર સમક્ષ મૂકી દેવામાં આવી હતી. મનપાના આયોજન મુજબ, આજી-૧ ડેમમાં ૨૧૦૦ એમસીએફટી અને ન્યારી-૧ ડેમમાં ૧૯૦૦ એમસીએફટી પાણી સૌની યોજના હેઠળ ઠલવવાની સ્પષ્ટ માંગ કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, રાજકોટના જીવાદોરી સમાન આજી-૧ ડેમની એકંદર કુલ સંગ્રહ ક્ષમતા ૯૧૭ એમસીએફટી (૨૯ ફૂટ) અને ન્યારી-૧ ડેમની કુલ ક્ષમતા ૧૨૪૮ એમસીએફટી (૨૫ ફૂટ) છે.

રાજકોટ શહેરની દૈનિક પાણીની જરૂરિયાત અને દૈનિક ઉપાડને પહોંચી વળવા માટે અગાઉ રાજ્ય સરકાર દ્વારા રોજના ૭ થી ૮ એમસીએફટી જેટલું નર્મદાનું પાણી આપવામાં આવી રહ્યું હતું. પરંતુ, ૨૯ સપ્ટેમ્બર બાદ સિંચાઈ વિભાગ દ્વારા 'કેનાલ રીપેરીંગ'નું બહાનું આગળ ધરીને આ દૈનિક ઉપાડ જેટલો જથ્થો પણ અચાનક જ બંધ કરી દેવામાં આવ્યો છે. છેલ્લા ૧૫ દિવસ કરતાં વધુ સમયથી નર્મદાનું પાણી અટકી જતાં આજી અને ન્યારી ડેમના તળિયા દેખાવા લાગ્યા છે. મનપાની વોટર વર્ક્સ શાખાના વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ, ગત ૧૧ સપ્ટેમ્બરના રોજ સરકારમાં આ અંગે વિધિવત પત્રવ્યવહાર કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ પણ ત્રણથી ચાર વખત કડક રિમાઇન્ડર પાઠવવામાં આવ્યા છે. આમ છતાં, સિંચાઈ વિભાગ તરફથી હજુ સુધી ડેમોમાં પાણી છોડવાની કોઈ નક્કર કામગીરી શરૂ કરવામાં આવી નથી.



હાલની સ્થિતિએ આજી-૧ ડેમમાં માત્ર ૨૮ ટકા અને ન્યારી-૧ ડેમમાં ૨૭ ટકા આસપાસ જ જળજથ્થો બચ્યો છે, જે માંડ ૨૫થી ૩૦ દિવસ એટલે કે એકાદ મહિનો જ ચાલે તેમ છે. તેવામાં હાલ ઓક્ટોબર માસમાં પડી રહેલા આકરા તાપ અને અસહ્ય ગરમીના કારણે બંને જળાશયોમાંથી દરરોજ મોટા પ્રમાણમાં પાણીનું બાષ્પીભવન પણ થઈ રહ્યું છે, જેનાથી ઉપલબ્ધ જળજથ્થો વધુ ઝડપથી ઘટી રહ્યો છે. સિંચાઈ વિભાગના અધિકારીઓ ''એક-બે દિવસમાં કેનાલનું સમારકામ પૂરું થઈ જશે અને પાણી ચાલુ કરી દેવાશે'' તેવા વાયદાઓ કરી રહ્યા છે, પરંતુ નર્મદાના નીર ક્યારથી મળતા થશે તેની કોઈ ચોક્કસ કે ખાતરીપૂર્વકની તારીખ આપવાનું ટાળી રહ્યા છે. દિવાળીના તહેવારો દરમિયાન ઘરોમાં સાફ-સફાઈ અને ઉજવણીના કારણે પાણીનો વપરાશ સામાન્ય દિવસો કરતા વધી જતો હોય છે. જો સમયસર નર્મદાના નીર ડેમોમાં ઠલવવામાં નહીં આવે, તો દિવાળીનો તહેવાર માંડ-માંડ નીકળશે અને દિવાળી બાદ સમગ્ર શહેરમાં ભયાનક જળકાપ કે પાણીનું સંકટ ઘેરું બને તેવી પ્રબળ શક્યતા છે. હવે તમામ રાજકોટવાસીઓની નજર સિંચાઈ વિભાગ અને સરકારના વલણ પર ટકેલી છે કે તેઓ કેટલી ઝડપથી પાણીનો પુરવઠો પૂર્વવત કરે છે.

---

૬ કરોડથી વધુના ખર્ચે હેરિટેજ લુક સાથે પુનઃનિર્માણ થશે

લાખાજીરાજ શાક માર્કેટનો કાયાકલ્પ

વેપારીઓને મોટી રાહતઃ કામગીરી શરૂ થાય ત્યાં સુધી ધંધો ચાલુ રાખવાની છૂટ

રાજકોટ, તા. ૧૪

રાજકોટના ધર્મેન્દ્ર રોડ પર આવેલી અંદાજે એક સદી જૂની ઐતિહાસિક સર લાખાજીરાજ શાક માર્કેટ હવે ટૂંક સમયમાં જ એક નવા જ અને ભવ્ય અવતારમાં જોવા મળશે. શહેરની આ ગીચ અને ધમધમતી શાક માર્કેટ સમય જતાં જર્જરિત અને જોખમી બની ગઈ હતી, જેના કારણે તેના રિનોવેશનની માંગ લાંબા સમયથી ચાલી રહી હતી. આ મામલે વેપારીઓની રજૂઆતને ધ્યાને લઈને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સત્વરે સકારાત્મક પગલાં ભરવામાં આવ્યા છે, જેનાથી વેપારીઓમાં ભારે હાંશકારો અને આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

શહેરના મધ્યમાં આવેલી આ વિરાસત સમાન માર્કેટનું અસ્તિત્વ જળવાઈ રહે અને તેની પ્રાચીન ભવ્યતા તેમજ હેરિટેજ લુક યથાવત રહે તે માટે મનપા દ્વારા ખાસ 'રેટ્રો ફિટિંગ' પદ્ધતિનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત મનપા દ્વારા જીએસટી સહિત રૂા. ૬ કરોડથી વધુ માતબર રકમનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ ટેન્ડર આગામી સમયમાં સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે અને સ્ટેન્ડિંગ દ્વારા મંજૂરીની મહોર લાગ્યા બાદ અંદાજે ૧૮ મહિનાના સમયગાળામાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવી માર્કેટ લોકો માટે ખુલ્લી મૂકવામાં આવશે, જેથી નાગરિકો અને વેપારીઓને તેમની જૂની અને જાણીતી આ માર્કેટ નવા જ રંગરૂપમાં જોવા મળશે.

દરમિયાન, રિનોવેશનની આ લાંબી પ્રક્રિયા શરૂ થાય અને જ્યાં સુધી પ્રત્યક્ષ કામગીરી ન થાય ત્યાં સુધી વેપારીઓને વેપાર-રોજગાર ચાલુ રાખવા દેવા માટે ગંભીર રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતના પગલે સ્ટેન્ડિંગ કમિટીના



ચેરમેન પરેશ પીપળીયા સહિતના પદાધિકારીઓએ તાત્કાલિક અસરથી લાખાજીરાજ શાક માર્કેટની રૂબરૂ મુલાકાત લીધી હતી અને સ્થળની ગંભીરતા તથા વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવ્યો હતો. સ્થળ મુલાકાતના અંતે પદાધિકારીઓએ મહત્વનો નિર્ણય લેતા સ્પષ્ટ કર્યું હતું કે, જેટલા ભાગમાં રિનોવેશનની અત્યારે તાકીદે જરૂરિયાત છે તેટલા જ ભાગમાં પતરાંની આડશ કે બેરિકેડિંગ કરીને અલગ તારવવામાં આવશે, અને બાકીના સલામત ભાગમાં વેપારીઓને તેમના ધંધા-રોજગાર ચાલુ રાખવા દેવામાં આવશે. આ નિર્ણયના ભાગરૂપે આજે જ વેપારીઓને તેમની મૂળ જગ્યાનો કબજો સત્તાવાર રીતે પરત સોંપી દેવામાં આવશે, જેનાથી લાંબા સમયથી અસમંજસમાં રહેલા વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

માર્કેટના નવા અને આધુનિક આયોજનની વિગતો જોઈએ તો, નવી બનનારી ઈમારતમાં વેપારીઓ અને ગ્રાહકોની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. અગાઉ આ શાક માર્કેટની અંદર ૧૪૪ થડા, બહાર ૩૮ થડા, ૨૨ વખાર (ગોડાઉન) અને ૪ દુકાનો અસ્તિત્વમાં હતી, જે પૈકી સમયના વહેણ સાથે માત્ર ૮૦ જેટલા થડા અને ૧૬ જેટલી વખારો જ ચાલુ હાલતમાં હતી. હવે રિનોવેશન અને પુનઃનિર્માણ બાદ અહીં વ્યવસ્થિત આયોજન સાથે કુલ ૧૪૮ થડા, ૨૨ દુકાનો અને અંદાજે ૨૦ જેટલી આધુનિક વખારો તૈયાર કરવામાં આવશે.

સમગ્ર શાક માર્કેટનો કુલ વિસ્તાર ૧૩૮૦ ચોરસ મીટર જેટલો વિશાળ છે, જેમાંથી ૩૨૦ ચોરસ મીટરના એરિયામાં માત્ર દુકાનોનું જ નિર્માણ કરવામાં આવશે. આ નવું માળખું અને સુવ્યવસ્થિત આયોજન અમલમાં આવવાથી અગાઉ કરતા પણ વધુ પ્રમાણમાં સ્થાનિક વેપારીઓને કાયમી રોજગારીની ઉત્તમ તકો મળી રહેશે. બીજી તરફ, ખરીદી કરવા આવતા ગ્રાહકો અને શહેરીજનોને પણ સ્વચ્છતા, સુરક્ષા અને તમામ આધુનિક સુવિધાઓની સાથે એક અદ્ભુત હેરિટેજ માર્કેટનો વિશેષ અનુભવ પ્રાપ્ત થશે, જે રાજકોટના વેપારી જગત માટે એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે.